Tuesday, 06 January 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



જો તમે મોટું કામ કરવા માંગતા હો, તો પહેલાં તમારા આછા અને નાના વિચારોને બદલાવો.
-મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૭ ● સંવત-૨૦૮૨ પોષ વદ ત્રીજ/ચોથ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




# દીવના ઘોઘલા બીચ ખાતે 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬'નો ધમાકેદાર આરંભ

**પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત ખેલમહાશક્તિ બનવાની દિશામાં અગ્રેસરઃ 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬'ના આયોજનથી ખેલની અભૂતપૂર્વ સંસ્કૃતિના વિકાસ થવાની સાથે સંઘપ્રદેશના પ્રવાસન વિકાસ અને ખેલપ્રતિભાઓને પ્રોત્સાહન તથા ક્ષમતાનું પણ થનારું સંવર્ધનઃ જમ્મુ અને કાશ્મીરના ઉપ રાજ્યપાલ મનોજ સિંહા**











**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૫**

જમ્મુ અને કાશ્મીરના ઉપ રાજ્યપાલ શ્રી મનોજ સિંહાએ આજે દીવના બ્લ્યુ ફ્લેગ ઘોઘલા બીચ ખાતે 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬'ની ઔપચારિક અને પ્રતિકાત્મક શરૂઆતની ઘોષણા સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની ઉપસ્થિતિ અને ખેલાડીઓ તથા ખેલપ્રેમીઓની સાક્ષીમાં કરતા વિધિવત્ રીતે 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬'નો જયઘોષ થયો હતો.

આ પ્રસંગે જમ્મુ અને કાશ્મીરના ઉપ રાજ્યપાલ શ્રી મનોજ સિંહાએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત ખેલમહાશક્તિ બનવાની દિશામાં અગ્રેસર થયું છે. તેમણે 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬'ના આયોજનથી ખેલની અભૂતપૂર્વ સંસ્કૃતિના વિકાસ થવાની સાથે સંઘપ્રદેશની ખેલપ્રતિભાઓને પ્રોત્સાહન અને સંઘપ્રદેશની પ્રવાસન ક્ષમતાનું પણ સંવર્ધન થશે એવો વિશ્વાસ પ્રગટ કર્યો હતો. તેમણે પ્રદેશમાં ખેલની મજબૂત સંસ્કૃતિનું નિર્માણ કરવા માટે પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની સરાહના કરતા ભારતમાં પ્રથમ બીચ ગેમ્સના આયોજન માટે તેમને અભિનંદન પણ પાઠવ્યા હતા.

આ પ્રસંગે સંઘપ્રદેશના પ્રશાસકશ્રીના નવનિયુક્ત સલાહકાર શ્રી અંકુર ગર્ગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંદેશ વાંચીને સંભળાવ્યો હતો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના સંદેશમાં કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ-દીવ અને દાનહને 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬'ની યજમાની કરવા બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ભારતના ખેલપરિદૃશ્યમાં ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સનું વિશેષ સ્થાન છે. સમુદ્ર તટ અને તટીય ખેલ શારીરિક સહનશક્તિ, માનસિક દૃઢતા અને લગાતાર બદલાતી પરિસ્થિતિઓમાં પરફોર્મ કરવાની ક્ષમતા માંગે છે.

પ્રધાનમંત્રીશ્રીએ ઘોઘલા બીચને આયોજન સ્થળ તરીકે પસંદ કરવા બદલ સરાહના કરતા જણાવ્યું હતું કે, બ્લ્યુ ફ્લેગ પ્રમાણિત બીચની પસંદગી આવકારદાયક છે. પ્રકૃત્તિની સાથે તાલમેલમાં આયોજીત ખેલ ફક્ત ઉપલબ્ધિઓને જ પ્રોત્સાહન નથી આપતો પરંતુ પર્યાવરણના પ્રત્યે જાગૃતતાનો પણ સશક્ત માધ્યમ બને છે. આ સ્થળ આપણને યાદ અપાવે છે કે, ઉત્કૃષ્ટતા અને સતર્કતા સાથે સાથે આગળ વધે છે.

- (વધુ પાના નં.૨ પર)

*'વર્તમાન પ્રવાહ'માં પ્રસિદ્ધ થયેલા અહેવાલ બાદ*

## દમણ જિ.પં.ના પટલારા વિભાગના પૂર્વ જિ.પં. સભ્ય મેહુલભાઈ પટેલે બદમાશો સામે કડક પગલાં ભરવા પ્રશાસકશ્રીને કરેલી રજૂઆત

**પાવરગ્રિડ દ્વારા નિર્મિત ફાઉન્ડેશનની ભાંગફોડ ભાજપના નેતાએ પોતાના અંગત સ્વાર્થ માટે કરાવી હોવાની પણ પ્રગટ કરેલી આશંકાઃ તટસ્થ તપાસની પણ આવશ્યકતા**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૫**

દમણ જિલ્લા પંચાયતના પટલારા વિભાગના પૂર્વ જિ.પં. સભ્ય શ્રી મેહુલભાઈ પટેલે સંઘપ્રદેશના પ્રશાસકશ્રીને એક પત્ર દ્વારા આજના 'વર્તમાન પ્રવાહ'માં પ્રસિદ્ધ થયેલ અહેવાલને ટાંકી બદમાશો સામે કડક પગલાં ભરવા માંગ કરી છે.

શ્રી મેહુલભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે પાવરગ્રિડ દ્વારા નિર્મિત ફાઉન્ડેશનની ભાંગફોડ ભાજપના નેતાએ પોતાના અંગત સ્વાર્થ માટે કરાવી હોવાની પણ આશંકા વ્યક્ત કરી છે અને તેના કારણે ભાજપની ભયમુક્ત શાસનની છબીને પણ નુકસાન થઈ રહ્યું હોવાનું નિરીક્ષણ પણ પ્રગટ કર્યું છે.


શ્રી મેહુલભાઈ પટેલે પક્ષના એક જાગૃત કાર્યકર તરીકે ભાજપના કાર્યકર્તા દ્વારા ગુંડાગીર્દી અને ભાઈગીરીને પ્રોત્સાહન આપનારી નીતિ સામે યોગ્ય કડક પગલાં ભરી પ્રદેશની જનતામાં ફરીથી વિકાસ અને સુરક્ષાનું વાતાવરણ ઉભું થાય તેવા પ્રયત્નો કરવા પ્રશાસકશ્રીને નમ્ર અરજ અને પ્રાર્થના પણ કરી છે.

## મોટી દમણના પટલારા-મગરવાડા ખાતે ફાઉન્ડેશનને થયેલા નુકસાનના સંદર્ભમાં પાવરગ્રિડે નોંધાવેલી ફરિયાદની વિસ્તૃત માહિતી

**મોટી દમણ કોસ્ટલ પોલીસ સ્ટેશને ૨૮મી નવેમ્બરના રોજ નોંધેલી એફ.આઈ.આર.: ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૨૪(૫) અને પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ ૩ અંતર્ગત અજ્ઞાત બદમાશો સામે દાખલ કરેલી ફરિયાદ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૫**

મોટી દમણના પટલારા-મગરવાડા ગામમાં નવસારી-કલા પાવર ટ્રાન્સમિશન લાઈનના બાંધકામના કામ અને બાંધવામાં આવેલ ફાઉન્ડેશનને થયેલા નુકસાન સંદર્ભમાં ભારતના મહારત્ન સાહસ પાવરગ્રિડ ઓફ ઈન્ડિયા દ્વારા ગત તા.૨૮મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ ફરિયાદ મોટી દમણ કોસ્ટલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવવામાં આવી હતી. જે અંતર્ગત મોટી દમણ કોસ્ટલ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ૨૦૨૩ની કલમ ૩૨૪(૫) અને પ્રિવેન્શન ઓફ




ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ ૩ અંતર્ગત અજ્ઞાત બદમાશો સામે એફ.આઈ.આર. નોંધાઈ છે.

પાવરગ્રિડે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, ભારતીય વિજળી અધિનિયમ-૨૦૦૩ની પેટા કલમ ૬૮(૧) અંતર્ગત સી.ઈ.એ. પત્ર R,

- (વધુ પાના નં.૨ પર)

## દમણના દાભેલ સ્થિત ACE પેકેજિંગ યુનિટમાં લાગેલી ભીષણ આગ

**ભારે પવન ફૂંકાતા આગ બેકાબૂ થઈ વિકરાળ બની, કેમિકલના ડ્રમ ફાટ્યા; બે કંપનીઓ ઝપેટમાં આવીઃ જાહેર કરાયો બ્રિગેડ કોલઃ ૧૫થી વધુ ફાયર ફાઈટરોની ટીમે આગ ઓલવવા માટે કરેલી સખત મહેનત**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૫**

વલસાડ જિલ્લાને અડીને આવેલા સંઘપ્રદેશ દમણના ડાભેલ વિસ્તારમાં આવેલી એક પેકેજિંગ ફેક્ટરીમાં આજે ભીષણ આગ ફાટી નીકળી હતી. ભારે પવન અને કેમિકલના ડ્રમમાં થયેલા બ્લાસ્ટને કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, વિકરાળ આગના કારણે આકાશમાં ધુમાડાના ગોટેગોટા ૩ કિ.મી. દૂરથી પણ સ્પષ્ટ જોઈ શકાતા હતા. વિકરાળ આગને પગલે બ્રિગેડ કોલ જાહેર કરાયો હતો. કેમિકલના ડ્રમ બ્લાસ્ટ બાદ સ્થિતિ વિકરાળ બની હતી.

- (વધુ પાના નં.૨ પર)

રામાનંદ સંપ્રદાય અને જગદ્‌ગુરુ શ્રીમદ્ રામાનંદાચાર્ય નરેન્દ્રાચાર્યજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ

## જીવનદાન મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત સેલવાસના આમલી સ્થિત ગાયત્રી મંદિર પરિસરમાં 'રક્તદાન શિબિર' યોજાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૫**

'જીવનદાન મહાકુંભ-૨૦૨૬' અંતર્ગત જગદગુરુ શ્રીમદ રામાનંદાચાર્ય નરેન્દ્રાચાર્યજીના માર્ગદર્શન હેઠળ સ્વૈચ્છિક રક્તદાન અભિયાન દ્વારા માનવતા અને સામાજિક

- (વધુ પાના નં.૨ પર)

**૨૩મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. કાળીદાસ ફકીરભાઈ પટેલ**
જન્મ તા. ૧૫/૦૧/૧૯૪૨ સ્વ. તા. ૦૬/૦૧/૨૦૦૩

જીવનભર પ્રેરણામય બની પરિવારને સંપ, સહકાર અને સંસ્કારનું સિંચન કર્યું, ચંદનસમુ જીવન જીવી પરિવારને સમૃદ્ધ બનાવી સુખ સૌને આપી ગયા. આપની ઉદારતા, પરોપકારી જીવન, લાગણીશીલ સ્વભાવ, કુટુંબ-સમાજ પ્રત્યેનો વાત્સલ્યભાવ અમોને સદા પ્રેરણા બક્ષશે. આપના ગુણોને અમે અનુસરીએ એ જ હોય શકે અમારી સાચી શ્રદ્ધાંજલિ

શાંતિ પૂજા :- સવારે ૧૦.૦૦ વાગ્યે | પુષ્પાંજલિ :- સવારે ૧૧.૦૦ વાગ્યે
શાંતિ પ્રાર્થના :- સવારે ૧૦.૩૦ વાગ્યે | મહાપ્રસાદઃ- બપોરે ૧૨.૦૦ વાગ્યે

લિ.
જય જલારામ ભક્ત મંડળ, શ્રી જલારામ મંદિર, ભીમપોર (પટેલ ફળિયા) નાની દમણ – ૩૯૬૨૧૦




## સુવિચાર - સદ્‌વિચાર

વિચારો એવા રાખો કે તમારા વિચાર ઉપર કોઈ વિચાર કરે

## કવિતા

### હું રોમેન્ટીક નાયક

હું ભરતીનો દરિયો તૃષ્ણી! તું રેતીની છાલક
તું રેતીનું ધીમું કણસે, હું મલ્હારી ગાયક...
હું ઝાંઝર પહેરાવું ફીણની ઘંટડીઓના છૂમછૂમ,
હું મારા મોજાંની આપું કટિમેખલા રૂમઝૂમ;
છાકમછોળ કરી દઉં તારી કોરી કડાક્ સાડી,
હું ઘોઘાનો પરણેતર ને તું લંકાની લાડી;
તૃષ્ણી! હું તારી સ્ટોરીનો છું રૉમેન્ટિક નાયક...
આ તું જેને મોજાં કહે છે એ છે મારું ક્રંદન,
તું શું જાણે શાંત સપાટી નીચે પણ છે મંથન,
ખડકોમાં અથડાઈ મરી ખૂટવાની ઘટના જીવતર,
ઓટ નામનો અભાવ તારો રુવેંરુવાંનું કળતર;
હું જળની વેદીમાં બળવા બેઠેલો છું પાવક...

-ભરત યાજ્ઞિક

## આજની જોક

એક સ્ત્રી : લાલ મિર્ચ દે દો.
શેઠ (નોકર) : હરિ મિર્ચ દે દો.
સ્ત્રી : શેઠજી, મૈંને લાલ મિર્ચ માગી હૈ.
શેઠ : હરિ મિર્ચ દે દો જલદી.
સ્ત્રી (ગુસ્સામાં) : શેઠજી, મૈં કિતની
બાર કહૂં કી મૈંને લાલ મિર્ચ માગી હૈ.
શેઠ : ગુસ્સા મત કરો બહનજી, લાલ
મિર્ચ હી દૂંગા, હરિ તો ઈસ નૌકર કા નામ હૈ.

## કબીર વાણી

**ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરૂ બિન મિલે ન મોક્ષ**
**ગુરુ બિન લખે ન સત્ય કો, ગુરુ મિટે ન દોષ**

**- અર્થાત-**

ગુરુ વિના જ્ઞાન મળી શકતુ નથી. અને ઈશ્વરની મુલાકાત થઈ શકતી નથી. ગુરુ વિના ફરી ફરી જન્મયા-મર્યાનું મટતુ નથી. ગુરુ વિના સાચી વાત સમજાતી નથી, અને ગુરુ વિના આપણા દુર્ગુણો મટતા નથી

## આજનો દિન વિશેષ

### કપિલદેવ રામલાલ નિખંજ



કપિલદેવ રામલાલ નિખંજ જન્મ ૬ જાન્યુઆરી ૧૯૫૯) ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન છે.તેમને ક્રિકેટના ઈતિહાસમાં મહાન ઓલ રાઉન્ડરોમાંના એક માનવામાં આવે છે, તેઓ એક ઝડપી - મધ્યમ બોલર અને હાર્ડ-હિટિંગ મધ્યમ ક્રમના બેટ્સમેન હતા. દેવ ક્રિકેટના ઈતિહાસમાં એકમાત્ર ખેલાડી છે જેમણે ટેસ્ટ ક્રિકેટમાં ૪૦૦ થી વધુ વિકેટ (૪૩૪ વિકેટ) લીધી છે અને ૫,૦૦૦ થી વધુ રન બનાવ્યા છે. દેવે ૧૯૮૩ ના ક્રિકેટ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ક્રિકેટ ટીમનું નેતૃત્વ કર્યું, ક્રિકેટ વર્લ્ડ કપ જીતનાર પ્રથમ ભારતીય કેપ્ટન બન્યા. તેઓ હજુ પણ કોઈપણ ટીમ માટે વર્લ્ડ કપ જીતનાર સૌથી નાની ઉંમરના કેપ્ટન (૨૪ વર્ષની ઉંમરે) છે.

**શરૂઆતનું જીવન:** કપિલ દેવ નિખંજનો જન્મ ૬ જાન્યુઆરી ૧૯૫૯ ના રોજ ચંદીગઢમાં, એક સાગ વેપારી રામ લાલ નિખંજ અને તેમની પત્ની રાજકુમારીના પરિવારમાં થયો હતો.ભાગલા પછી તેમનો પરિવાર ફાઝિલ્કામાં રહેવા ગયો અને પછી ચંદીગઢ ગયો. તેમનો પૈતૃક પરિવાર મોન્ટગોમરી (હવે સાહિવાલ તરીકે ઓળખાય છે)નો છે અને તેમની માતાનો જન્મ પાકપટ્ટનમાં થયો હતો પરંતુ તેમનો ઉછેર ઓકારામાં થયો હતો, જે બંને હવે પંજાબ, પાકિસ્તાનમાં છે. દેવ ડી. એ. વી. કોલેજમાં વિદ્યાર્થી હતા.

૧૯૯૪માં તેઓ ૨૦૦ ODI વિકેટ લેનારા પ્રથમ ખેલાડી તરીકે નિવૃત્ત થયા, અને ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાનો વિશ્વ વિક્રમ ધરાવતા હતા, જે રેકોર્ડ ૨૦૦૦માં કર્ટની વોલ્શે તોડ્યો હતો.કપિલ દેવે ૨૦૨૩ સુધી વનડેમાં ૫મા કે તેથી ઓછા નંબર પર બેટિંગ કરતા બેટ્સમેન દ્વારા બનાવેલા સૌથી વધુ વ્યક્તિગત સ્કોર (૧૭૫)નો રેકોર્ડ રાખ્યો હતો, જ્યારે ગ્લેન મેક્સવેલે તેને તોડી નાખ્યો.તેઓ ૧૯૮૫ની વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ ક્રિકેટ જીતનાર ભારતીય ટીમનો પણ ભાગ હતા.

## આજની ઔષધી

### ભૂમિ આમળા તમારા લીવરને સ્વસ્થ રાખે છે

ભૂમિમલકી એક મુખ્ય આયુર્વેદિક દવા છે જે ઘરની આસપાસ એક નાના છોડના રૂપમાં સરળતાથી મળી આવે છે. આ ઔષધિ લીવરને ઘણા પ્રકારના ચેપથી બચાવે છે અને લીવરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. લીવર સંબંધિત રોગોથી પીડાતા દર્દીઓએ ડૉક્ટરની સલાહ મુજબ ભૂમિ આમળાનું સેવન કરવું જોઈએ. ભૂમિ આમળા અથવા ભૂમિ આમળા કેવી રીતે લેવું : તમે લીવર માટે ભૂમિ આમળાનો ઉપયોગ પાવડર, કેપ્સ્યુલ અથવા ટેબ્લેટના રૂપમાં કરી શકો છો. આજકાલ તેનો રસ બજારમાં પણ ઉપલબ્ધ છે. ડોઝ સંબંધિત માહિતી માટે ડૉક્ટરની સલાહ લો.

**કુટકી લીવરની કામગીરીમાં સુધારો કરે છે :** કુટકી એક ઔષધિ છે જેનો ઉપયોગ મુખ્યત્વે લીવરના રોગોમાં થાય છે. આયુર્વેદિક નિષ્ણાતોના મતે, કુટકી લીવરની બળતરા ઘટાડે છે અને લીવરની કાર્યક્ષમ ક્ષમતામાં પણ વધારો કરે છે. જે લોકો લીવરની બળતરાથી પીડાય છે તેઓએ ડૉક્ટરની સલાહ લીધા પછી કુટકીનું સેવન કરવું જોઈએ.આજકાલ કુટકી કેપ્સ્યુલ અથવા પાવડર બજારમાં સરળતાથી ઉપલબ્ધ છે. આયુર્વેદિક ડૉક્ટરની સલાહ મુજબ જ તેનું સેવન કરો. આમળા એ આયુર્વેદમાં વપરાતી જાણીતી દવા છે. તે લીવરને ડિટોક્સિફાય કરવાનું કામ કરે છે. આમળામાં જોવા મળતા ફાયટોન્યુટ્રિઅન્ટ્સ લીવરની કાર્યક્ષમ ક્ષમતામાં વધારો કરે છે. નિષ્ણાતોના મતે, આમળામાં હેપ્ટો-રક્ષણાત્મક ક્ષમતાઓ હોય છે જે લીવરના કોષોને સ્વસ્થ રાખે છે. આમળા કેવી રીતે લેવું : તમે આમળાનો ઉપયોગ ઘણી રીતે કરી શકો છો. સૌથી સરળ અને અસરકારક રીત કાચા આમળાનું સેવન છે. આ ઉપરાંત, આમળાનો રસ, ગોળીઓ, કેપ્સ્યુલ અને કેન્ડી આજકાલ બજારમાં સરળતાથી ઉપલબ્ધ છે.

### મિડનાઈટ ઓપરેશન SOGએ કર્યો પર્દાફાશ

# સુરતના દરિયામાં ડીઝલ ચોરીનું મહારેકેટ ઝડપાયું

## પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે કેડિયા ટાપુ ભૌગોલિક રીતે અત્યંત દુર્ગમ છે







**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**સુરત,તા.૦૫**

સુરતના દરિયાઈ વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે મોટી કાર્યવાહી કરતા સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ગવિયર ગામ નજીક તાપી નદીના મુખ અને દરિયાની વચ્ચે આવેલા કેડિયા ટાપુ પરથી છેલ્લા પાંચ વર્ષથી ચાલી રહેલા વિશાળ ડીઝલ ચોરીના રેકેટનો પર્દાફાશ થયો છે. મધરાતના અંધકારમાં દરિયામાં ઊભેલા મોટા જહાજોમાંથી ઈલેક્ટ્રિક મોટરની મદદથી ડીઝલ ચોરી કરવાની આ ટોળકીની મોડસ ઓપરેન્ડી એટલી ખતરનાક અને સુવ્યવસ્થિત હતી કે ભલભલા સુરક્ષા તંત્રને પણ ગોથે ચઢાવી દે તેવી હતી. દુર્ગમ કેડિયા ટાપુ બન્યો ચોરીનું મુખ્ય મથક. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે કેડિયા ટાપુ ભૌગોલિક રીતે અત્યંત દુર્ગમ છે.

દરિયાકાંઠેથી લગભગ ત્રણ કિલોમીટર દૂર આવેલા આ ટાપુ સુધી પહોંચવા માટે કાદવ, ગાઢ ઝાડીઓ અને જોખમી દરિયાઈ પ્રવાહોને પાર કરવો પડે છે. આ કારણોસર સામાન્ય લોકો કે પોલીસ માટે ત્યાં પહોંચવું સરળ નથી. આ જ પરિસ્થિતિનો લાભ ઉઠાવી આરોપીઓએ ટાપુ પર કામચલાઉ ડેપો જેવું માળખું ઊભું કર્યું હતું, જ્યાં ચોરી કરેલું ડીઝલ સંગ્રહિત રાખવામાં આવતું હતું. ટાપુની આસપાસ ચારે બાજુ કાદવ અને ગીચ ઝાડીઓ વચ્ચે તેલની રેલમછેલ જોવા મળી, જે બતાવે છે કે અહીં મોટા પાયે અને લાંબા સમયથી ડીઝલનો ગેરકાયદેસર વ્યવહાર ચાલી રહ્યો હતો.

મધરાતે દરિયામાં 'હાઈટેક' ચોરી. આ ડીઝલ ચોરીની પદ્ધતિ સામાન્ય નહીં પરંતુ અત્યંત હાઈટેક અને જોખમી હતી. આરોપીઓ મધરાતે નાની બોટ લઈને દરિયામાં લંગર નાખીને ઊભેલા મોટા કન્ટેનર શિપ્સ અથવા ઓઈલ ટેક્રરો સુધી પહોંચતા હતા. ખાસ કરીને એવા જહાજોને ટાર્ગેટ કરવામાં આવતા હતા, જેમાં ૧૦થી ૧૫ હજાર લીટર સુધી

ડીઝલનો જથ્થો સંગ્રહિત હોય. જહાજની ફ્યુઅલ ટાંકીમાં ઈલેક્ટ્રિક મોટર ફિટ કરીને લાંબી પાઈપલાઈન મારફતે ડીઝલ સીધું પોતાની બોટમાં ખેંચી લેવામાં આવતું હતું.

આ સમગ્ર પ્રક્રિયા એવી રીતે કરવામાં આવતી કે જહાજના સ્ટાફને પણ તરત શંકા ન જાય. થોડા સમયમાં સેંકડો લીટર ડીઝલ ચોરીને બોટ મારફતે કેડિયા ટાપુ પર લાવવામાં આવતું હતું. પાંચ વર્ષથી ચાલતું ગોઠવાયેલું નેટવર્ક. પોલીસના જણાવ્યા મુજબ આ રેકેટ છેલ્લા પાંચ વર્ષથી સક્રિય હતું. ટોળકીમાં દરિયાઈ માર્ગોની જાણકારી ધરાવતા લોકો, ઈલેક્ટ્રિક સાધનોમાં નિષ્ણાતો અને સ્થાનિક સપોર્ટ સિસ્ટમનો સમાવેશ થતો હતો.સમગ્ર નેટવર્ક અત્યંત ગોપનીય રીતે કાર્યરત હતું, જેથી લાંબા સમય સુધી કોઈ એજન્સીની નજરમાં આવ્યું નહોતું. સસ્તું ડીઝલ, મોટો બજાર. ચોરી કરાયેલું ડીઝલ મુખ્યત્વે સ્થાનિક માછીમારો અને ઝીંગા ઉછેરના તળાવ ધરાવતા ખેડૂતોને વેચવામાં આવતું હતું. સામાન્ય બજારમાં ડીઝલનો ભાવ આશરે ૯૦ રૂપિયા પ્રતિ લીટર હોય છે, જ્યારે આ ટોળકી ૧૫થી ૨૦ રૂપિયા સસ્તું એટલે કે ૭૫ રૂપિયા પ્રતિ લીટર ભાવે ડીઝલ વેચતી હતી. ઝીંગાના તળાવોમાં પાણી ખેંચવા માટે મોટા પાયે ડીઝલ ચાલિત પંપો વપરાતા હોવાથી ખેડૂતો માટે આ સસ્તું ઈંધણ ખૂબ આકર્ષક બનતું હતું. ઓછા ખર્ચે વધુ નફાની લાલચે ઘણા લોકો જાણે-અજાણે આ ગેરકાયદેસર ડીઝલ ખરીદતા હતા.

આ પ્રકારની ચોરી માત્ર આર્થિક ગુનો જ નહીં પરંતુ દરિયાઈ સુરક્ષા અને પર્યાવરણ માટે પણ મોટો ખતરો છે. દરિયામાં તેલ લીક થવાથી જળચર જીવનને ભારે નુકસાન થાય છે, તેમજ આગ લાગવાની પણ સંભાવના રહે છે. કેડિયા ટાપુ આસપાસ તેલના ચિહ્નો અને ગંદકી જોવા મળવી આ જોખમને સ્પષ્ટ કરે છે.

સુરત SOGને મળેલી સચોટ બાતમીના આધારે આ સમગ્ર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ભારે મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે પોલીસે દરિયાઈ માર્ગે કાર્યવાહી કરી અને ડીઝલ ચોરીના આ મોટા અડ્ડાને શોધી કાઢ્યો. હાલ આ કેસમાં વધુ આરોપીઓની સંડોવણી, ડીઝલના જથ્થાની કિંમત અને વેચાણ નેટવર્ક અંગે વિસ્તૃત તપાસ ચાલી રહી છે. આ ખુલાસો સુરતના દરિયાઈ વિસ્તારોમાં ચાલી રહેલી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે એક મોટો સંદેશ છે કે હવે આવા રેકેટો પોલીસની નજરથી બચી શકશે નહીં.

### પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવનાર પશુપાલકોને પુરસ્કાર અપાશે

# ગાંધીનગર ખાતે આજે શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ યોજાશે

## પશુપાલકોને એવોર્ડની સાથે-સાથે પ્રોત્સાહન માટે ક્રમશઃ રૂ. ૧,૦૦,૦૦૦, રૂ. ૫૧,૦૦૦ અને રૂ. ૩૧,૦૦૦ની પ્રોત્સાહક રાશિ પણ એનાયત કરવામાં આવશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**ગાંધીનગર,તા.૦૫**

ગુજરાતની ગ્રામીણ અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન પશુપાલન વ્યવસાયને વધુ વેગ આપવા અને પશુપાલકોના કૌશલ્યને બિરદાવવા માટે આવતીકાલે તા. ૬ જાન્યુઆરીના રોજ ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે 'શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ' વિતરણ સમારોહનું

આ પ્રસંગે રાજયના પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી અને પશુપાલન રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા ખાસ ઉપસ્થિત રહીને વિજેતાઓને એવોર્ડ એનાયત કરી સન્માનિત કરશે. આધુનિક ટેકનોલોજી અને પશુ સંવર્ધનની પરંપરાગત પદ્ધતિઓના સંગમ દ્વારા જે પશુપાલકોએ દૂધ ઉત્પાદન અને પશુ સ્વાસ્થ્ય ક્ષેત્રે નવા માપદંડો સ્થાપિત કર્યા છે.


તેમને આ મંચ પરથી પ્રોત્સાહિત કરવામાં આવશે. રાજ્યના શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર યોજના હેઠળ રાજ્ય કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર પશુપાલકોને એવોર્ડની સાથે-સાથે પ્રોત્સાહન માટે ક્રમશઃ રૂ. ૧,૦૦,૦૦૦, રૂ. ૫૧,૦૦૦ અને રૂ. ૩૧,૦૦૦ની પ્રોત્સાહક રાશિ પણ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત દરેક જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ પણ પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવનાર પશુપાલકોને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે.

જેમાં જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર પશુપાલકને રૂ. ૨૫,૦૦૦ અને દ્વિતીય ક્રમે આવનાર પશુપાલકને રૂ. ૨૦,૦૦૦ની પ્રોત્સાહક રાશિ આપવામાં આવશે. તેવી જ રીતે, તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ હાંસલ કરનાર પશુપાલકને રૂ. ૨૦,૦૦૦ અને દ્વિતીય ક્રમ હાંસલ કરનાર પશુપાલકને રૂ. ૧૦,૦૦૦ની પ્રોત્સાહક રાશિ આપવામાં આવશે. આમ, શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર યોજના અંતર્ગત આવતીકાલે રાજ્ય કક્ષાએ વિજેતા બનેલા કુલ ૩, જિલ્લા કક્ષાએ વિજેતા બનેલા કુલ ૬૬ અને તાલુકા કક્ષાએ વિજેતા બનેલા કુલ ૪૯૬ પશુપાલકો મળી સમગ્ર રાજ્યના કુલ ૫૬૫ પશુપાલકોને કુલ રૂ. ૯૧,૦૦,૦૦૦થી વધુની પ્રોત્સાહક રાશિ એનાયત કરવામાં આવશે.

### આઈશર ચોરી કરતી ગેંગનો પર્દાફાશ

# ટેમ્પો ચોરી કરી અંકલેશ્વરમાં કટિંગ કરી વેચતા ૫ શખ્સો ઝડપાયા

**આ શખ્સો અત્યંત શાતિર રીતે ચોરીના વાહનોના સ્પેરપાર્ટ્સ વેચીને કમાણી કરતા હતા**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**સુરત, તા.૦૫**

સુરતની સચિન પોલીસે વાહનચોરીના ગુનાઓ ઉકેલવામાં મોટી સફળતા મેળવી છે.

શહેરના વિવિધ વિસ્તારોમાંથી આઈશર ટેમ્પોની ચોરી કરી તેને ભંગારમાં ફેરવી નાખતી ટોળકીના ૫ સભ્યોને પોલીસે દબોચી લીધા છે. આ શખ્સો અત્યંત શાતિર રીતે ચોરીના વાહનોના સ્પેરપાર્ટ્સ વેચીને કમાણી કરતા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ગેંગ સુરતમાંથી આઈશર ટેમ્પાની ચોરી કર્યા બાદ તેને તાત્કાલિક અંકલેશ્વર લઈ જતી હતી.

ત્યાં અગાઉથી નક્કી કરેલા ભંગારના ગોડાઉનમાં ટેમ્પાને લઈ જઈ, ગેસ કટર વડે તેનું કટિંગ કરી નાખવામાં આવતું હતું. વાહનને છૂટું પાડી તેના એન્જિન, ટાયર અને લોખંડના ભાગોને ભંગારના ભાવે વેચી દેવામાં આવતા હતા, જેથી વાહનની ઓળખ થઈ શકે નહીં.

સચિન પોલીસે બાતમીના આધારે ઓપરેશન હાથ ધરીને પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની આ કાર્યવાહી દરમિયાન ચોરી કરવામાં આવેલો આઈશર ટેમ્પો, છૂટા પાડેલા વાહનોના ટાયર અને અન્ય સ્પેરપાર્ટ્સ, કટિંગ કરવા માટે વપરાતા સાધનોનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દમણના દાભેલ સ્થિત...**

પ્રાપ્ત માહિતી પ્રમાણે દમણના ડાભેલ સ્થિત એસ પેકેજિંગ (ACE Packaging) કંપનીમાં સૌપ્રથમ આગ લાગી હતી. દમણ જિલ્લા પંચાયતના સભ્ય શ્રી અશોક પટેલના જણાવ્યા પ્રમાણે, પહેલાં ટોટલ પેકેજિંગમાં આગ લાગી હતી, ત્યાં રહેલા કેમિકલના ડ્રમ ફાટવાને કારણે આગ ઝડપથી પ્રસરી હતી અને બાજુમાં આવેલી ACE પેકેજિંગ કંપનીને પણ પોતાની લપેટમાં લઈ લીધી હતી. ત્યાબાદ ભારે પવનના કારણે મુશ્કેલીમાં વધારો થયો હતો. ઘટના સમયે ભારે પવન ફૂંકાઈ રહ્યો હોવાથી આગ વધુ બેકાબુ બની હતી. પવનના વેગને કારણે આગની જ્વાળાઓ એક એકમથી બીજા એકમ સુધી ઝડપથી પહોંચી ગઈ હતી, જેના કારણે ફાયર વિભાગને આગ પર કાબૂ મેળવવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

આગની ગંભીરતાને જોતાં 'બ્રિગેડ કોલ' જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં દમણ, સેલવાસ, વાપી અને સરીગામના ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સરકારી તંત્ર ઉપરાંત આસપાસની ખાનગી કંપનીઓના ફાયર બ્રિગેડની પણ મદદ લેવામાં આવી હતી.

ઘટનાસ્થળે ૧૫થી વધુ ફાયર બ્રિગેડની ગાડીઓ આગ બુઝાવવાની કામગીરીમાં જોતરાઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારી ચલાવી અને આગ ઓલવવાના અન્ય સાધનોનો ઉપયોગ કરી ભીષણ આગ ઉપર કાબુ મેળવવાના સખત પ્રયાસો હાથ ધર્યા હતા. આગની ઘટના કંપનીઓને કરોડોનું નુકસાન થવાનો અંદાજ છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દીવના ઘોઘલા બીચ ખાતે...**

પ્રારંભમાં પ્રખ્યાત રમત વિજેતાઓએ જમ્મુ અને કાશ્મીરના ઉપ રાજ્યપાલ શ્રી મનોજ સિંહા અને સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલનું સ્વાગત કર્યું હતું. સાથે દીવ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રંજીતા ધીરજ કોટિયા અને દીવ નગરપાલિકાના પ્રમુખ શ્રી હરેશ પાંચાનું પણ રમત વિજેતાઓએ સ્વાગત કર્યું હતું. ત્યારબાદ, તૃપ્તિ મુરગુંડે, નંદિની અગાસરા, નરસિંહ પંચમ યાદવ, યુવરાજ બાલ્મીકી, રાજેશ ચૌહાણ અને યજ્જુ સુબ્બા રાવ સહિતના સેલિબ્રિટી રમતવીરોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, દાદરા નગર હવેલી અને દમણ-દીવના રમત-ગમત સચિવ શ્રી અરુણ ટી.એ 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬'માં ભાગ લેનારા મહાનુભાવો, અને પ્રતિષ્ઠિત રમતવીરોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલનો દીવમાં રમત-ગમત સંસ્કૃતિ શરૂ કરવા અને વિકસાવવા અને બીચ ગેમ્સનું આયોજન કરવા બદલ આભાર માન્યો અને તમામ રમતવીરોને શુભકામનાઓ પાઠવી હતી.

આ પછી, 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૫'ના ભૂતપૂર્વ વિજેતાઓ દ્વારા મશાલ સ્ટેજ પર લાવવામાં આવી હતી અને જમ્મુ અને કાશ્મીરના ઉપ રાજ્યપાલ શ્રી મનોજ સિંહા, સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલ પટેલભાઈ અને પ્રખ્યાત રમતગમત હસ્તીઓ અને ભારતના વિવિધ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોના ખેલાડીઓ દ્વારા રમતોની મશાલ સ્થાપિત કરવામાં આવી હતી. તેમના હાથમાં તેમના રાજ્યોના નામના બોર્ડ સાથે એક રસપ્રદ એથ્લેટિક માર્ચ કરવામાં આવી હતી, જેનાથી તમામ દર્શકો અભિભૂત થઈ ગયા હતા અને સૌએ તાળીઓના ગડગડાટથી બધા ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પછી, એશિયન ચેમ્પિયન અને ટ્રેક એન્ડ ફિલ્ડ એથ્લીટ સુશ્રી નંદિની અગાસરાએ ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ અને તેના મહત્ત્વ પર પ્રકાશ પાડતો સંદેશ આપ્યો હતો. આ પછી, ભારતની વૈવિધ્યસભર અને સંયુક્ત સંસ્કૃતિને સુંદર રીતે રજૂ કરતી નૃત્ય રજૂઆતે દર્શકો અને મહેમાનોને મંત્રમુગ્ધ કરી દીધા.

આ કાર્યક્રમ દીવના શાળાના બાળકો દ્વારા વંદે માતરમના પ્રદર્શન બાદ સુંદર આતશબાજી અને મનમોહક સંગીત સાથે સમાપ્ત થયો.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**મોટી દમણના પટલારા...**

સંદર્ભ નં.૧/૨૦૨૧-૮/૨૦૨૨ તા.૦૪.૦૨.૨૦૨૨ મુજબ ઊર્જા મંત્રાલય ભારત સરકારે પાવરગ્રિડને ગુજરાત, દમણ, મહારાષ્ટ્ર અને દાનહમાંથી પસાર થતી ૪૦૦ કેવી ડી/સી નવસારી(નવી)(દક્ષિણ ગુજરાત) (જીઆઈએસ)-કલા(જીઆઈએસ) ટ્રાન્સમિશન લાઈન નાંખવાનો નિર્દેશ આપ્યો છે.

સબ સેક્શન લાઈનનો એક ભાગ દમણના જાની વાંકડ, વરકુંડ, દુણેઠા અને મગરવાડા(પટલારા) ગામોમાંથી પસાર થાય છે. આ લાઈન પરના ૩૪૧ ટાવર ફાઉન્ડેશનમાંથી ૩૨૧ ફાઉન્ડેશન પૂર્ણ થઈ ગયા છે અને બાકીના ૨૦ ઉપર કામ ચાલી રહ્યું છે.

તા.૧૨.૧૧.૨૦૨૫ના રોજ સરકારી ટાવર લોકેશન 85R/0 ખાતે ફાઉન્ડેશન કાર્ય દરમિયાન મોટી દમણના પટલારા, મગરવાડા સ્મશાન ભૂમિ નજીક કેટલાક બદમાશો **કાળા રંગની સ્કોર્પિયો ગાડી નં. ડીડી-૦૩ એફ-૦૧૨૩**માં કાર્ય સ્થળ પર પહોંચી બાંધકામ કાર્યમાં અવરોધ ઉભો કરી કામદારોને પૂર્ણ થયેલું માળખું તોડી પાડવાની ધમકી આપી અને ચાલુ કાર્ય બંધ કરાવ્યું. (જેના ફોટો પણ ફરિયાદ સાથે જોડાયેલ છે.) ત્યારબાદ સ્થળ પર બાંધકામ બંધ કરવામાં આવ્યું અને અટકેલા કાર્યને ફરીથી શરૂ કરવા અને સમારકામ કરવા માટે દમણના જિલ્લા મેજીસ્ટ્રેટ પાસેથી તા.૨૦.૧૧.૨૦૨૫ના પત્ર દ્વારા વહીવટી સહાય માંગવામાં આવી હતી. તા.૨૫.૧૧.૨૦૨૫ના રોજ નિયમિત પેટ્રોલિંગ દરમિયાન એવું જોવા મળ્યું કે, અગાઉ પૂર્ણ થયેલ કાર્યને ભારે નુકસાન થયું હતું જેના કારણે સરકારી સંપત્તિને નોંધપાત્ર નુકસાન થયું હતું. (ફોટા પણ સામેલ છે.) આ ક્ષતિગ્રસ્ત માળખાની કિંમત આશરે રૂા.૬૯.૫૦ લાખ હોવાનો અંદાજ છે.

પાવરગ્રિડે ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે, કેટલાક અજાણ્યા વ્યક્તિઓએ ઈરાદાપૂર્વક ફાઉન્ડેશનના કાર્યને નુકસાન પહોંચાડ્યું છે જેના કારણે સરકારી સંપત્તિને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. તેથી કાયદા મુજબ ગુનેગારો સામે જરૂરી કાનૂની પગલાં લેવા પણ જણાવાયું છે.

આ એફ.આઈ.આર. નોંધાયાના ૩૮ દિવસ સુધી મોટી દમણ કોસ્ટલ પોલીસ સ્ટેશને કરેલી કાર્યવાહી સામે પણ પ્રશ્નાર્થ પેદા થઈ રહ્યો છે. પાવરગ્રિડ દ્વારા નાંખવામાં આવી રહેલ ટ્રાન્સમિશન લાઈનની જમીનના માલિકોની પણ છાનબિન કરવી જરૂરી જણાઈ રહ્યું છે. કારણ કે, બદમાશોને આ ફાઉન્ડેશનને ક્ષતિગ્રસ્ત કરી સરકારી કામકાજમાં અવરોધ પેદા કરવાનું ષડ્યંત્ર કરનારા સામે પણ યોગ્ય કાનૂની પગલાં ભરવાની માંગ પ્રબળ બની રહી છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**જીવનદાન મહાકુંભ-૨૦૨૬...**

જવાબદારીને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત એક અર્થપૂર્ણ પહેલ અંતર્ગત રામાનંદ સંપ્રદાય અને જગદ્‌ગુરુ શ્રીમદ્ રામાનંદાચાર્ય નરેન્દ્રાચાર્યજીની પ્રેરણાથી સેલવાસના આમલી સ્થિત ગાયત્રી મંદિર પરિસરમાં આજે મેગા 'રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે સંપ્રદાયની પ્રેરણાથી દાદરા નગર હવેલી સહિત મહારાષ્ટ્ર અને ગુજરાત તથા દેશના અન્ય રાજ્યોમાં પણ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે નાનજી પીઠના ઉત્તરાધિકારી શ્રી કનીફનાથ મહારાજે દરેક પદાધિકારી અને ભક્તજનોને અપીલ કરી હતી કે રક્તદાન કરો અને દેશની સેવા કરો. કારણ કે, જાન્યુઆરી મહિનામાં દરેક જગ્યા પર લોહીની કમી થઈ જાય છે જેને ધ્યાનમાં રાખી સંસ્થા દ્વારા રક્તદાન શિબિરો કરવાનો નિર્ણય લીધો હતો. સેલવાસ ખાતે આયોજીત રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. દરમિયાન રક્તદાતાઓને સેલવાસ નગરપાલિકાના પ્રમુખ શ્રી સોમનાથ દેવરે અને ન.પા. કાઉન્સિર શ્રીમતી રાખીબેન પટેલના હસ્તે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

અત્રે યાદ રહે કે, રક્તદાનનું મહત્ત્વ અમૂલ્ય છે અને તે કોઈનું જીવન સંરક્ષિત કરવામાં મદદ કરે છે. જેથી રક્તદાન કરવું જોઈએ જેથી કોઈની અમૂલ્ય જિંદગી બચાવી શકાય.

વલસાડ તાલુકા કોળી પટેલ સમાજના ઉપક્રમે

# ગુંદલાવ ખાતે ૨૧મી ફેબ્રુઆરીએ ૧૦મો સમૂહ લગ્ન મહોત્સવ યોજાશે: ૧૦૧ જેટલાં નવ દંપતિઓ પ્રભુતામાં પગલાં માંડશે



**અત્યાર સુધીમાં ૧૨૧૦ દંપતિઓ સમૂહલગ્નમાં જોડાયા, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને આમંત્રણ અપાશે: ૧૦મા સમૂહલગ્નમાં ૮૦ યુગલોએ નામોની નોંધણી કરાવી, સમૂહલગ્નના લાભાર્થે ભાગવત સપ્તાહનું પણ આયોજન કરાયું**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૫**

વલસાડ તાલુકા પટેલ સમાજ પ્રગતિ મંડળ અને શ્રી ચંદ્રમોલેશ્વર મહાદેવજી સંસ્થાપન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અને શ્રી ભરતભાઈ કે.પટેલ ધારાસભ્ય વલસાડની પ્રેરણાથી ૧૦માં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. જે આગામી તારીખ ૨૧/૦૨/૨૦૨૬ના રોજ લીમડા ચોક, ગુંદલાવ ચોકડી પાસે હેલીપેડ મેદાનની બાજુમાં યોજાશે. આ સમૂહલગ્નમાં અત્યાર સુધીમાં ૮૦ લગનોત્સુક યુગલોએ તેમના નામોની નોંધણી કરાવી છે..

આ સમુહલગ્નમાં જોડાનાર દરેક નવદંપતીઓને કરિયાવરમાં ચાંદીનું મંગળસૂત્ર, સ્ટીલની બરણી, સીલીંગ ફેન, સ્ટીલનો ઘડો ,સ્ટીલ ટાંકી, તપેલા સેટ, કુકર, સ્ટીલનો કબાટ, બે ટિફિન તાંબાની લોટો, સ્ટીલ થાળી નો સેટ, ચાની કીટલી રકાબી સાથે છ નંગ, દિવાલ ઘડિયાળ, સ્ટીલની પેટી, ભગવદ ગીતાનું પુસ્તક, દીવડા, પૂજા માટે બાજઠ, થરમોસ વગેરે ઘરવખરીની વસ્તુઓ સંસ્થા તરફથી દાન કરવામાં આવશે.

મામેરામાં કન્યા માટે પાનેતર, વર માટે શેરવાની તદ્ઉપરાંત આ સમૂહલગ્નમાં ભાગ લેનાર યુગલને સરકારી યોજના હેઠળ કન્યાને સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ રૂા.૧૨૦૦૦ અને કુંવરબાઈ મામેરુ યોજના હેઠળ રૂા.૧૨૦૦૦ જે તે જરૂરી ડોક્યુમેન્ટ રજૂ કર્યાથી સરકાર તરફથી સહાય મળવા પાત્ર છે. આ ઉપરાંત દરેક યુગલ પૈકી એકને પોસ્ટલ ગ્રુપ યોજના હેઠળ એકસીડન્ટ ૧૦ લાખ રૂપિયાનું વીમા કવચ પૂરું પાડવામાં આવશે. જેનું વાર્ષિક પ્રીમિયમ વલસાડ તાલુકા પટેલ સમાજ મંડળ દ્વારા એકવાર ભરવામાં આવશે.

૧૦માં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નના લાભાર્થે શ્રીમદ્ ભાગવત કથાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વ્યાસપીઠ પર જાણીતા કથાકાર શ્રી શરદભાઈ વ્યાસ ધરમપુરવાળા તેમની આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવશે. આ કથા ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલના નિવાસસ્થાન સદ્ભાવના બંગલો, મોહનજી પાર્ક,આદિનાથ કોમ્પ્લેક્સની સામે, ભાગડાવડા, વલસાડ ખાતે રાખેલ છે. ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે જણાવ્યું કે, આ દસમાં સમૂહ લગ્નમાં લગભગ ૨૫૦૦૦ લોકોની મેદની ઉમટી પડશે અને કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, જિલ્લાના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, જિલ્લાના ધારાસભ્યો, સાધુસંતોને આમંત્રણ આપવામાં આવશે.

વલસાડ કોળી સમાજની વાડીમાં યોજાયેલ પ્રેસ કોન્ફરન્સમાં વલસાડ કોળી સમાજના પ્રમુખ અને ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, મંત્રી શ્રી રામુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી શશીભાઈ, સહમંત્રી શ્રી રોહિતભાઈ ગુંદલાવના સરપંચ શ્રી નીતિનભાઈ, દર્શનાબેન, જિગીત્સાબેન સહિત તેમજ મોટી સંખ્યામાં કોળી સમાજના સભ્યો હાજર રહ્યા હતા.

# વાપી બારગામ કડવા પાટીદાર સમાજ મહેસાણા દ્વારા ઈન્ડોર ઈવેન્ટ યોજાયો





**બહેનો, બાળકો અને યુવાનો મળી ૧૨૭ પ્લેયરોએ ભાગ લઈ ઈવેન્ટને સફળ બનાવ્યો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વાપી બારગામ કડવા પાટીદાર સમાજ મહેસાણા દ્વારા આજે રવિવારે આશાધામ સ્કૂલમાં ઈન્ડોર ગેઈમ્સ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈવેન્ટમાં બહેનો, બાળકો અને યુવાનો મળી કુલ ૧૨૭ પ્લેયરોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઈવેન્ટને સફળ બનાવ્યો હતો.

નિરામય આયુ અને સ્વાસ્થય તથા સામાજીક એક્તાના સૌહાર્દને ધ્યાને લઈને બારગામ કડવા પાટીદાર સમાજ દ્વારા આજે ઈન્ડોર ગેઈમ્સ ઈવેન્ટનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેડમિન્ટન, કેરમ, ચેસ, ટેબલ ટેનીસ, સાપસીડી અને અમદાવાદ જેવી ગેઈમ્સ વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. બેઈઝ ગેઈમ્સ, ક્વાર્ટર ફાઈનલ અને સેમીફાઈનલ, ફાઈનલ સ્ટેજ રમીને વિજેતા બનેલ ટીમ અને ખેલાડીઓને પ્રાઈઝ એવોર્ડ આપી સન્માનીત કરાયા હતા. ઈવેન્ટનો પ્લસ પોઈન્ટ એ રહ્યો હતો કે ભાઈઓ કરતા બહેનો બાળકોની સંખ્યા વધારે હતી.

સમગ્ર ઈવેન્ટનું આયોજન સમાજના પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલ, મૅત્રી શ્રી રાકેશભાઈ પટેલ તથા ખજાનચી શ્રી પંકજભાઈ તથા ઉત્સાહી યુવા ટીમના સફળ માર્ગદર્શન અને નેતૃત્વ કરવામાં આવ્યું હતું. વડીલોનો પણ નોંધનીય ઉપસ્થિતિ જોડતા બારગામ સમાજ વાપી સમાજીક સેવા ક્ષેત્રે અવિરત વિવિધ કામગીરી કરતો રહ્યો છે.

# વાપી કેબીએસ એન્ડ નટરાજ કોલેજનું ગૌરવ: યુથ ફેસ્ટિવલમાં એકાંકી નાટકમાં પુરુસ્કાર મેળવ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી દ્વારા આયોજિત યુથ ફેસ્ટિવલ-૨૦૨૫માં કેબીએસ કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજની ટીમે એકાંકી નાટક (One Act Play) કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી તૃતીય પુરસકાર પ્રાપ્ત કર્યો છે. સાથે જ નાટકના મુખ્ય કલાકાર કરણ ગિરાસેને શ્રેષ્ઠ અભિનય બદલ ચંચી મહેતા બેસ્ટ એક્ટર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્પર્ધામાં રજૂ કરાયેલ નાટક ‘દરજા’ (લેખક: શ્રી રાહુલ સુપેકર, દિગ્દર્શક શ્રી વીરેન્દ્ર પવાર)એ પોતાના સંદેશ, અભિનય અને રજૂઆતથી નિરીક્ષકોનું ધ્યાન આકર્ષ્ય હતું. નાટકમાં કલાકાર તરીકે કરણ ગિરાસે, દીક્ષા સિંહ, કૃતિકા મિશ્રા, શંકર સુનાર, ધ્રુવ પ્રજાપતિ અને કોમલ સિંહએ અસરકારક અભિનય રજૂ કર્યો હતો. નાટકનું સંગીત રોમિત સિન્હા દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રકાશ વ્યવસ્થા જ્યોતિ રેએ સંભાળી હતી. મેકઅપ વિભાગમાં માનસીકૃષ્ણ યાદવ, ડિમ્પલ કાનોજિયા અને પ્રિયા ભાનુશાલીએ મહત્વપૂર્ણ જવાબદારી નિભાવેલી હતી.

નાટકની સફળતા પાછળ બેકસ્ટેજ ટીમનું પણ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. જેમાં શિવમ યાદવ, સરફરાજ ખાન, ધનંજય શુક્લા, ભાવિ લાડ, દૃષ્ટિ ચૂટાલિયા, આર્યન જયસવાલ, નંદિની કપડી, રાણા સિંહ, આદિત્ય પાંડે અને રાજન યાદવએ સંકલિત રીતે કાર્ય કર્યુ હતું.

સમગ્ર કાર્યક્રમની તસવીરી નોંધ માટે મોથેસીમ કાઝી, ગુલશન યાદવ અને રુદ્ર ઠક્કુરની ફોટોગ્રાફી કમિટીએ જવાબદારી સંભાળી હતી. આ સમગ્ર નાટ્યપ્રસ્તુતિના સુચારૂ આયોજન અને સંકલન માટે કોલેજના સહાયક પ્રાધ્યાપકો ડો. કલ્પેશ એલ. માહલા અને સુશ્રી મીનુ ચૌધરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી. ચૌહાણ, ટ્રસ્ટી ગણ તથા સ્ટાફ સભ્યો દ્વારા તમામ કલાકારો, બેકસ્ટેજ ટીમ અને માર્ગદર્શકોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે,આવી સિદ્ધિઓ કોલેજની સાંસ્કૃતિક પ્રતિભા, ટીમવર્ક અને સર્જનાત્મકતાનું ઉત્તમ પ્રતિબિંબ છે.

જૈનોનું સર્વશ્રેષ્ઠ મહાતીર્થ એટલે શ્રી શંત્રુજય મહાતીર્થ

# શ્રી કલિકુંડ તીર્થ (ધોળકા)થી શ્રી શંત્રુજય મહાતીર્થ ચાલી રહેલ ૧૧૦૦ યાત્રિકોનો ભવ્ય પદયાત્રા મહાસંઘ

**૬’રી પાલક તીર્થયાત્રા કરવી એ જૈનધર્મમાં અણમોલ લ્હાવો ગણાય છે**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી,તા.૦૫**

જૈનધર્મમાં તીર્થયાત્રાનો મહિમા અપરંપાર બતાવ્યો છે. જૈનધર્મમાં શ્રી સમ્મતેશિખરજી મહાતીર્થ-શ્રી જીરાવાલા તીર્થ અને શ્રી શંત્રુજય મહાતીર્થ આદિ અનેક તીર્થો સુપ્રસિદ્ધ છે. આ બધાજ તીર્થોમાં શાશ્વત તીર્થનું જો કોઈ તીર્થને બિરુદ મળ્યુ હોય તો તે છે એકમાત્ર શંત્રુજય મહાતીર્થ

જૈનધર્મમમાં શ્રી શંત્રુજય મહાતીર્થનો મહિમા ખુબ જ વર્ણવ્યો છે. જે તીર્થમાં દર વર્ષે લાખ્ખો જૈનો યાત્રા કરવામાં માટે આવે છે. જે તીર્થમાં દર વર્ષે હજારો શ્રાવક -શ્રાવિકો ચાતુર્માસની આરાધના કરે છે. જે તીર્થમાં દર વર્ષે સેંકડો જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો ચાતુર્માસ હોય છે. જે તીર્થમાં દર વર્ષે હજારો યાત્રિકો ૯૯ યાત્રા કરતા હોય છે. જે તીર્થમાં દર વર્ષે હજારો પુણ્યશાળીઓ ચોવિહાર છઠ(નિર્જળ બે ઉપવાસ) કરીની ૭ યાત્રા કરતા હોય છે. જે તીર્થમાં દર વર્ષે લગભગ ૭૦થી ૮૦ ‘છ રી’પાલકયાત્રા (પગપાળા યાત્રા સંઘ) આવતા હોય છે. જે તીર્થની છ’રી’ પાલકયાત્રા ભવયાત્રા ટૂકાંવનારી બને છે. જે તીર્થમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન પૂર્વ નવ્વાણુ વખત પધાર્યા છે. જે તીર્થ અનાદિ અનંત છે. જે તીર્થમાં જૈનાના ૨૩ તીર્થંકરો પધારીને ધર્મદેશના આપી છે.

આવા શ્રી શંત્રુજય મહાતીર્થની છ’રી’ પાલક યાત્રામાં ૬ નિયમોનું પાલન કરવાનું હોય છે. જે દરેક નિયમનો અંતિમ અંક્ષર ‘રી’ આવે છે. માટે તે ૬’રી’ કહેવાય છે.

**આવા ૬ નિયમો આ પ્રમાણે છે.**

(૧) એકલાહારી (હરરોજ એક જ વખત ભોજન કરવું)
(૨) પાદચારી (પગપાળા યાત્રા કરીને યાત્રા કરવી)
(૩) ભૂમીસંથારી (ભૂમિ પર શયન કરવું)
(૪) બહ્મચારી (નિર્મળ શિયલવ્રતનું પાલન કરવું)
(૫) સચિત પરિહારી ( સચિત ફળ-શાકભાજી ન ખાવા)
(૬) આવશ્યક્કારી (દરરોજ સવાર-સાંજપ્રતિકમળ કરવું

આવા મહેમાવંત ૬’રી પાલક યાત્રા સંઘનું આયોજન ચાલુ વર્ષે રામસીન (રાજસ્થાન) નિવાસી સંઘવી મણિલાલ ચુનીલાલજી રામસીણા-રત્નમણિ પરિવાર (હાલ પૂના-મહારાષ્ટ્ર) તરફથી થયેલ છે.

આ સંઘ પોષ સુદ ૬ તા.૨૬ ડિસેમ્બરના શ્રી કલિકુંડ તીર્થ(ધોળકા)થી પ્રાંરંભ થયેલ છે. પોષ વદ ૧૨ તા.૧૫ જાન્યુઆરીના પાલિતાણા શહેરમાં મંગલ પ્રવેશ કરશે અને પોષવદ ૧૩ તા.૧૬ જાન્યુઆરીના શ્રી શંત્રુજય મહાતીર્થના ગિરિરાજ ઉપર સંઘમાળાનો કાર્યક્રમ થશે.

આ મહાસંઘના નિશ્રાદાતા જિનશાસનજ્યોતિર્ધર વીસમી સદીના સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના આધ્યાત્મિક પ્રવચનકાર સુપ્રસિદ્ધ જૈનાચાર્યશ્રી વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજ તથા પ્રવચનકાર જૈનાચાર્યશ્રી વિજય પુણ્યરક્ષિતસુરિજી મ.આદિ ૧૦૦ જેટલા જૈન શ્રમણ-શ્રમણી ભગવંતો છે.

પ્રતિદિન સવારે ૧૦ થી ૧૨ કિ.મી.પદયાત્રા થાય છે. ત્યારબાદ દિવસ દરમિયાન પરમાત્માયભક્તિના વિવિધ અનુષ્ઠાનો થાય છે. ૨:૩૦ થી ૪:૦૦ ગરવી ગાથા ગિરિરાજની ફરમાવે છે. રાત્રે ૭:૩૦ કલાકે સુપ્રસિદ્ધ સંગીતકારો ભક્તિ ભાવના કરે છે.

# પુસ્તક પરબના વલસાડના ૫૦મા મણકામાં ૩૮૧ પુસ્તકોને વાચકો મળ્યા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૫**



પુસ્તક પરબ વલસાડનો આ ૫૦મો મણકો ૨ જાહેર જગ્યાએ નિયમિત રીતે યોજાયો. સર્કિટ હાઉસની સામે તથા એસ.ટી.વર્કશોપની સામેની તરફ ક્રોમા નજીક, ટ્રેન્ડ્સ પાસે ફૂટપાથ પર એમ બે સ્થળે પુસ્તક પરબ રવિવારે ૭:૩૦ થી ૯:૩૦ સમય દરમિયાન યોજાઈ

પ્રોજેક્ટ ચેરપર્સન ડૉ.આશા ગોહિલ, શ્રી હાર્દિક પટેલ (એડવોકેટ નોટરી), અર્ચના ચૌહાણ, શ્રી દિલીપભાઈ દેસાઈ, શ્રી જયંતીભાઈ મિસ્ત્રી, શ્રી દેવરાજ કરડાણી, ટીના પટેલ, શ્રી હિતેશભાઈ પટેલ, સુનિતા ઢીમર, શ્રી સૌરભભાઈ પટેલ, શ્રી પ્રિયાંક પટેલ, રાધિકા ચીહલા, તેજલ પાડવી, શ્રી અમન ગોહિલ દ્વારા આયોજિત પરબને શ્રી દોલતભાઈ દેસાઈ, શ્રી પ્રકાશ પટેલ, શ્રી પંકજ કિનારીવાલા, શ્રી કેયુર રોહિત, શ્રી હિતેનભાઈ પારેખ ઉપરાંત શ્રી સહદેવ ઠાકોર, શ્રી મિતેષ પટેલ, અસ્મિતા પટેલની પણ વિશેષ સેવા મળી રહી.

આજની પરબમાં ૩૩ જેટલાં નવા વાચકોએ મુલાકાત લીધી. શ્રી યશપાલ પાઠક, ઉર્વી મહેતા, કામિની પટેલ, શ્રી કેતન પટેલ, શ્રી મુદ્રાક્ષા ભટ્ટ, શ્રી મિનેષ જાની, શ્રી મિહિર દેસાઈ, ઉષા પટેલ, શ્રી મિલેશ ટંડેલ, અર્ચના દેસાઈ, સંધ્યા મેરિયા, શ્રી હર્ષ દેસાઈ, નક્ષી શાહ, શ્રી હર્લિન સોલંકી અને શ્રી હેમંત બલસારા ઈત્યાદી વાચકો પુસ્તકો વાચવા લઇ ગયા. વાચકોએ પુસ્તક પરબ માટે આનંદ વ્યક્ત કરતા કહ્યું કે પરબે અમને ફરીથી પુસ્તક તરફ વાળ્યા છે.

આ કાર્યક્રમ દ્વારા વલસાડ શહેરના પુસ્તક વાંચનારાઓને પુસ્તકો મળી રહ્યા છે. આ રવિવારે વાચકો ૩૮૧ પુસ્તકો લઈ ગયા. પુસ્તક પરબની મુલાકાત લગભગ ૨૦૦થી વધુ લોકોએ લીધી. વિવિધ વ્યવસાય સાથે જોડાયેલા દરેક વયના લોકોએ વહેલી સવારે આ પુસ્તક પરબની મુલાકાત લીધી.

વર્તમાન સમયે લોકો વાંચન તરફ વધુને વધુ ઢળી રહ્યા છે એનો આનંદ તો પરબની મુલાકાત લો તો જોવા મળે.. ક્યારેક આ પરબમાં પુસ્તકપ્રેમી વધુ ભેગાં થાય તો પરબ એના સમયથી વધુ સમય સુધી ખુલ્લી રાખવી પડે છે. પરબનો સમય પૂર્ણ થયા પછી પણ વાચકોને પુસ્તકો આપી એમના વાચનરસને પોષવાનું કામ આ પરબ કરી રહી છે. છેલ્લા ઘણાં વખતથી નાનાં બાળકો માટે ગુજરાતીમાં વાર્તાના પુસ્તકો માટે ક્યાંક દાદાદાદી તો કોઈક વાર મમ્મીપપ્પાની માંગણી વધી છે. ગમતાં પુસ્તકો મળે ત્યારે એમને જે ખુશી થાય એનાથી અનેકગણી પરબની ટીમને થાય છે. કોઈક વડીલ એકથી વધુ પુસ્તકો આપશો એવું પૂછે..ત્યાં તો અમારી ટીમના સભ્યો ઉત્સાહમાં આવી જાય. હાંજી જરૂર ...

ટીમના સભ્યો એમને ગમતાં પુસ્તકો શોધી આપવામાં મંડી પડે. કોઈક પુસ્તકો એક સ્થળે ના હોય તો બીજાં સ્થળેથી મેળવી આપવાના પ્રયત્નોમાં લાગી જાય.

ખાસ નોંધવા લાયક વાત તો આ પણ છે. વલસાડ શહેર અને ગુજરાતભરમાંથી મિત્રો, સ્વજનો, વિદ્વાનો, દાતાઓ તરફથી પરબમાં પુસ્તકો ભેટમાં મળ્યા. પરિણામે પુસ્તક પરબ, વલસાડ વધુ સમૃદ્ધ બની? વાચકો તરફથી વ્યવસ્થાના ભાગરૂપે પુસ્તકો ગોઠવવામાં, સમેટવામાં મદદ મળી રહે છે.

પ્રોજેક્ટ ચેરપર્સન પ્રા.ડૉ.આશા ગોહિલ જણાવે છે કે, રજાના દિવસે સવારે ૭.૩૦ વાગ્યે સમયસર પુસ્તક પરબની મુલાકાતે આવી વાચકો પુસ્તક પરબ વલસાડની ટીમને આ કાર્યક્રમ નિયમિત ચલાવવા પ્રોત્સાહિત કરી રહ્યા છે.

પ્રતિબદ્ધતાથી અમારી સાથે સ્વયંસેવક તરીકે જોડાઈ પુસ્તક પરબ ટીમનો એક ભાગ બની રહેલાં વડીલો, મિત્રો થકી આ પરબ ચલાવવી સરળ બની રહી છે. હરહાલમાં દર મહિનાના પ્રથમ રવિવારે અનુકૂળ જગ્યાએ પુસ્તક પરબ યોજાશે જ એ દઢતાપૂર્વક કહી શકીએ એવો તો સરસ માહોલ બની રહ્યો છે. જેની વાચકોએ સહર્ષ નોંધ લેવી.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સંજય તાડા - 99244 66899**
**સુરેશ ઉમતિયા - 98259 89444**

# વલસાડ-નવસારી જિલ્લા લેઉઆ પાટીદાર સમાજ દ્વારા આધ્યાત્મિક સભા અને પાટીદાર પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૫**

વલસાડ અને નવસારી જિલ્લા લેઉઆ પાટીદાર સમાજ સેવા મંડળ દ્વારા સમાજની એકતા અને યુવાનોના પ્રોત્સાહન માટે જાન્યુઆરી ૨૦૨૬ના પ્રારંભે બે મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આધ્યાત્મિક માર્ગદર્શન માટે સંતવાણી અને યુવાનો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનો સમાવેશ થાય છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વલસાડ અને નવસારી જિલ્લાના ૭૭ ગામોના ખેલાડીઓ ભાગ લેશે.

આગામી તારીખ ૦૬/૦૧/૨૦૨૬, મંગળવારના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ચીખલીના મજીગામ સ્થિત દિનકર ભવન ખાતે સમસ્ત પાટીદાર સંઘ ભાવના કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમનો મુખ્ય વિષય ‘મારો સમાજ મારી જવાબદારી’ રાખવામાં આવ્યો છે. જેમાં BAPS સ્વામિનારાયણ સંસ્થા, રાજકોટના વિદ્વાન સંત પૂજ્ય શ્રી અપૂર્વમૂનિ સ્વામી પોતાની અમૃતવાણીથી સમાજને માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં સમાજના લોકોને સહપરિવાર પધારવા ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પાટીદાર પ્રીમિયર લીગ (PPL) સીઝન-૫નો પ્રારંભ : સમાજ સેવા મંડળ દ્વારા યુવાનો માટે ‘પાટીદાર પ્રીમિયર લીગ’ સીઝન-૫ ક્રિકેટ ટુર્નામેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ તારીખ ૦૭/૦૧/૨૦૨૬ થી ૧૦/૦૧/૨૦૨૬ સુધી રાનકુવા સ્થિત જેમસન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. મેચોનો સમય સવારે ૦૯:૦૦ કલાકનો રહેશે અને રમતવીરો તથા પ્રેક્ષકો માટે ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

મંડળના પ્રમુખ શ્રી રમેશભાઈ વસનજી પટેલ, ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ પટેલ અને સમગ્ર ટ્રસ્ટી મંડળ દ્વારા સમાજના વડીલો, માતા-બહેનો અને યુવાનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધારવા અપીલ કરવામાં આવી છે. આ પ્રસંગે નવસારી, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત પાટીદાર સમાજના અગ્રણીઓ પણ હાજરી આપશે.

**ક્રિકેટ મહાકુંભમાં કુલ ૧૨ ટીમો ભાગ લેશે**

(૧) જય પાટીદાર ઈલેવન (સાદકપોર)(૨) પરમવીર (બોદલાઈ)(૩)પડારીયા ઈલેવન (પડારીયા) (૪) જય પોલિવિનથલ ઈન કોર્પોરેશન (કલવાડા) (૫) લીલાપોર લાયન્સ (લીલાપોર) (૬) સનાયા સ્ટ્રાઈકર્સ (લીલાપોર) (૭) મહાદેવ ઈલેવન (સાદડવેલ) (૮) સોનાવાડા ઈન્ડિયન્સ (સોનાવાડા) (૯) વાંદરવેલા વાઈકિંગ્સ (વાંદરવેલા) (૧૦) ખજુરડી વોરિયર્સ (ખજુરડી) (૧૧) રાબડા વોરિયર્સ (રાબડા) (૧૨) કૃપા ઈલેવન (રૂમલા)

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# સમગ્ર દેશ માટે શરમજનક અને કલંક બની ઈંદૌરની પેયજળ માનવસર્જીત દુર્ઘટના

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અર્થતંત્રના સુધારા સાથે જનજીવન સુધારા ઉપર હંમેશાં ભાર મૂકે છે. 'સ્વચ્છ ભારત' અને 'જળજીવન મિશન' અભિયાન અમલમાં છે. 'નલ સે જલ' પીવાનું પાણી દરેક ઘર સુધી પહોંચાડવાનું ધ્યેય છે, પણ મધ્યપ્રદેશના ઈંદૌરમાં સુધરાઈના અસ્વચ્છ વિષાણુયુક્ત પાણીની મોટી દુર્ઘટના સમગ્ર દેશ માટે શરમજનક છે, એક કલંક છે! રાજધાની નવી દિલ્હીમાં હવામાનના પ્રદૂષણે હાહાકાર મચાવ્યો છે અને સૌનું ધ્યાન પર્યાવરણ ઉપર કેન્દ્રિત છે, પણ જનજીવન માટે હવા સાથે પાણી પણ અનિવાર્ય છે. જળજીવન છે છતાં જળમરણનું કારણ નિમિત બની જાય તે આઘાતજનક છે. વર્ષોથી ભારતનાં શ્રેષ્ઠ સ્વચ્છ શહેરનું બિરુદ ભોગવતા ઈંદૌર જ નહીં સમસ્ત દેશ ઉપર આ આઘાત છે અને તે કુદરતનો કોપ નથી, માનવસર્જિત છે. અપરાધી બેદરકારી છે. પાણીની પાઈપલાઈન જૂની, તૂટેલી હોવા છતાં સુધરાઈએ દરકાર કરી નહીં. સ્થાનિક રહેવાસીઓ દુર્ગંધયુક્ત પાણીની ફરિયાદ બે મહિનાથી કરી રહ્યા હતા, પણ સત્તાધીશ સુધરાઈના સભ્યો અને કર્મચારીઓએ પરવા કરી નહીં. દરમ્યાન ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ દૂષિત પાણીકાંડ બહાર આવ્યો છે. પેયજળની પાઈપલાઈનમાં ગટરમિશ્રિત પાણી ભળી જતાં રોગચાળો ફાટી નીકળ્યો છે. ટાઈફોઈડ અને પેટની બીમારીના કેસ મોટાપાયે આવવા લાગતાં રાજ્ય સરકારે તાકીદની વ્યવસ્થા ગોઠવવી પડી છે. અનેક નાગરિકો બીમાર બનીને હોસ્પિટલમાં દાખલ થયા છે. ગુજરાતમાં ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ભાજપની સરકાર સામે જન આરોગ્યને લઈને આ પહેલો મોટો પડકાર ઊભો થયો છે. ઈંદૌર હોય, ગાંધીનગર હોય, દેશનાં બીજાં શહેરો હોય કે વલસાડના વાપી જેવાં શહેર, પેયજળની શુદ્ધતા પ્રત્યે ઉત્તરદાયિત્વ બજાવાતું નથી. સરકાર યોજનાઓ કરે, નાણા ખર્ચાય, પણ જવાબદારી સાથે કામ નથી થતું એ મોટી સમસ્યા છે. ઈંદૌરની વાત કરીએ તો કારણોની તપાસ કરવાની જરૂર નથી. કારણો સ્પષ્ટ છે. પાઈપલાઈનો બદલવાની જાહેરાત થઈ હોવા છતાં કોઈને ઉતાવળ કે ચિંતા નહોતી. માત્ર કર્મચારીઓ જ નહીં, ઉપરી અધિકારીઓ અને સુધરાઈના સભ્યો સહિત રાજ્યની સરકાર પણ જવાબદાર છે. જનજીવન સાથે આ મજાક થઈ છે તેથી તાત્કાલિક પાઈપલાઈનનું સમારકામ થાય અથવા બદલવામાં આવે અને જવાબદાર નેતાઓને પણ રુખસદ આપવામાં આવે અને દાખલારૂપ સજા થાય તે ખુબ જરૂરી છે. ઈંદૌરની દુર્ઘટના પહેલાં નવેમ્બર મહિનામાં જ ભોપાલ નજીકની વેલ્લોર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના પરિસરમાં પ્રદૂષિત પાણીની ફરિયાદ થઈ હતી. ઘણાં વિદ્યાર્થીઓ કમળાનો ભોગ બન્યા ત્યારે હોહા થઈ હતી, પણ સત્તાધીશોના કાને અવાજ પહોંચ્યો નહીં. ઈંદૌરમાં ભાજપનું શાસન છે અને એવી વાત પણ બહાર આવી છે કે, સમાજવિરોધી તત્ત્વોએ પાઈપલાઈનની ભાંગફોડ કરી છે. તપાસમાં જો આ વાત સાબિત થાય તો તે વધુ ગંભીર છે. રાજકીય પક્ષોની સત્તાખોરીમાં જનતાના જીવ જોખમમાં મુકાય અથવા ગુમાવાય તે લોકતંત્ર નથી. ઈંદૌરની દુર્ઘટના પછી મહાનગર મુંબઈ સહિત દેશનાં તમામ શહેરોએ સક્રિય બનવાની જરૂર છે. આ 'ચેતવણી' છે. મોદી સરકાર બ્રિટિશ કાળના જૂના-પુરાણા કાયદા રદ્ કરે છે તેવી રીતે જૂની-પુરાણી પાઈપલાઈનો અને ગટરની પાઈપો પણ બદલવી જોઈએ. ફરિયાદ આવે અને રોગચાળો ફેલાય ત્યાં સુધી રાહ જોવાય નહીં. નેતાઓ સુધરાઈની સત્તા મેળવવા તલપાપડ છે, ત્યારે આ વિષય પણ ચૂંટણીની ચર્ચાનાં કેન્દ્રમાં આવવો જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાણી પુરવઠા વિભાગ દ્વારા વાપી, દમણ, સેલવાસ વગેરે વિસ્તારોમાં આર.ઓ. પ્લાન્ટ દ્વારા ફિલ્ટર કરીને ઘરો અને દુકાન-ઓફિસોમાં પ્લાસ્ટિકના બાટલાઓમાં વેચાતા પાણીના સમયાંતરે સેમ્પલો લઈને તપાસ કરતા રહેવું જોઈએ કે પાણી પીવાલાયક છે નહીં?

# WOG Technologies Limited સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૦૫** WOG Technologies Limited સેબીમાં તેનું ડીઆરએચપી ફાઈલ કર્યું છે. આ ઈન્ટિગ્રેટેડ એન્વાયર્નમેન્ટલ એન્જિનિયરીંગ અને ટેક્નોલોજી કંપની છે, જે તેના વિવિધ ઈન્ડસ્ટ્રીયલ અને મ્યુનિસિપલ ક્લાયન્ટ્સ માટે વિશ્વભરમાં ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરે છે તેમજ વોટર ટ્રીટમેન્ટ, ઓઈલ સેપરેશન, વેસ્ટવોટર રિસાઈકલિંગ અને સપ્લીમેન્ટરી બાયોગેસ જનરેશનમાં સ્પેશિયલાઈઝ્ડ સર્વિસિસ પૂરી પાડે છે. (સ્રોતઃ ક્રિસિલ રિપોર્ટ). રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરાતા ઈક્વિટી શેર્સ બીએસઈ અને એનએસઈ ઉપર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. યુનિસ્ટોન કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યૂના એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

કંપની પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) દ્વારા ઈક્વિટી શેર્સ (પ્રતિ શેર રૂા. ૧૦ની મૂળ કિંમત) ઓફર કરીને ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ ઓફરમાં રૂા.૩૭૫ કરોડ સુધીના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ તથા સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા ૪,૩૨૮,૦૦૦ ઈક્વિટી શેરનો ઓફર ફોર સેલ સામેલ છે. WOG Technologies ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત ભંડોળમાંથી અંદાજે રૂા. ૨૨૦ કરોડ કાર્યકારી મૂડીની જરૂરિયાતને પૂર્ણ કરવા, બેલ કૂલિંગ ટાવર્સ પ્રાઈવેટ લિમિટેડમાં અંદાજે રૂા.૪૫ કરોડમાં ૫૦ ટકા શેરહોલ્ડિંગ હસ્તગત કરવા અને બાકીની રકમનો ઉપયોગ કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરવાની દરખાસ્ત છે.

# પોતાનાં આશ્રિતો અને સ્વજનો માટે ઘોર પાપ કરીને અમાપ પદાર્થો મેળવવા તે મોહ કહેવાય

## મોહ અને પ્રેમ બંન્નેનાં એક જ રંગરૂપ છે પણ મોહ ડૂબાડે છે, પ્રેમ તારે છે, મોહ કર્તવ્ય ચુકાવે છે, પ્રેમ કર્તવ્ય નિભાવે છે; આવા મોહ નામના દૈત્યનું સૂદન કરે, વિનાશ કરે તેને મધુસૂદન કહેવાય

**અ**ર્જુન વિજય વગેરે કેમ ઈચ્છતા નથી એનું કારણ આગળના શ્લોક(૧/૩૩)માં બતાવે છે.

યેષામર્થે કાઙ્ક્ષિતં નો રાજ્યં ભોગાઃ સુખાનિ ચ
ત ઈમેડવસ્થિતા યુદ્ધે પ્રાણાંસ્ત્યક્ત્વા ધનાનિ ચ

જે લોકો માટે અમે આ રાજ્યની આકાંક્ષા રાખીએ છીએ તથા ભોગ અને સુખ મેળવવા માંગીએ છીએ તે તો બધા આ યુદ્ધમાં સામે જ ઉભા છે, તે બધા મરી જવાના છે એટલે પ્રાણ અને ધન બંન્નેનો ત્યાગ થઈ જવાનો છે પછી રાજ્યભોગ અને સુખો કોણ ભોગવશે?

અમે રાજ્ય, સુખ, ભોગ વગેરે જે કંઈ ઈચ્છીએ છીએ તે બધું પોતાના વ્યક્તિગત સુખના માટે ઈચ્છતા નથી પરંતુ આ કુટુંબીઓ, પ્રેમીઓ, મિત્રો વગેરેના માટે જ ઈચ્છીએ છીએ. આચાર્યો, પિતાઓ, પિતામહો, પુત્રો વગેરેને સુખ અને આરામ પહોંચે, એમની સેવા થઈ શકે, એ પ્રસન્ન રહે એને માટે જ અમે યુદ્ધ કરીને રાજ્ય લેવા ઈચ્છીએ છીએ, ભોગસામગ્રી એકઠી કરવા માંગીએ છીએ. પ્રવૃત્તિ ત્રણ હેતુવાળી હોય છે. પોતાના માટે, સ્વજનોના માટે અને પરજનો માટે. ફક્ત પોતાના માટે પ્રવૃત્તિ કરે છે તે સ્વાર્થી છે. આવી પ્રવૃત્તિ સીમિત હોય છે. જે સ્વજનો માટે પ્રવૃત્તિ કરે છે તેની પ્રવૃત્તિ વિશાળ હોય છે. તેમાં કર્તવ્ય અને માયા તત્ત્વ બંન્ને હોય છે. પોતાનાં આશ્રિતોની આવશ્યકતાઓ પુરી કરવી એ કર્તવ્ય છે, તે કરવું જ જોઈએ. પત્ની, બાળકો, માતા-પિતા વગેરેને રખડતાં રઝળતાં કરીને ભાગી જવું કે ત્યાગી વિતરાગી થઈ જવું તે કર્તવ્યભ્રષ્ટતા કહેવાય છે. પોતાનાં આશ્રિતો અને સ્વજનો માટે ઘોર પાપ કરીને અમાપ પદાર્થો મેળવવા તે મોહ કહેવાય. મોટા ભાગે લોકો આવા હેતુઓ માટે જ ઘોર કર્મો કરતા હોય છે એટલે અર્જુન કહે છે કે જે સ્વજનોના માટે આ ઘોર યુદ્ધ થવાનું છે તે તો પ્રથમથી જ પ્રાણ, ધન, સુખ વગેરે સર્વસ્વ ત્યાગીને અહીં મરવા માટે આવીને ઉભા છે. જો તેમને પ્રાણોની અને ધનની ઈચ્છા હોત તો તેઓ મરવા માટે યુદ્ધમાં કેમ ઉભા રહેત? હવે માનો કે હું યુદ્ધ જીત્યો અને બધું અઢળક મેળવ્યું તેને ભોગવશે કોણ? આ ભોગવનાર તો મરી જવાના છે. આ નિરાશાવાદ છે. આમાંથી પલાયનવાદ જન્મે છે. અર્જુન આ જ રસ્તે ચઢી ગયો છે. આ શ્રમણમાર્ગ છે, જેમાં ત્યાગવૈરાગ્યની પ્રધાનતા છે. વ્યક્તિને સંસારથી ભગાડીને દીક્ષા આપીને મોક્ષમાર્ગે લગાડવાનો માર્ગ છે.

પહેલાં જે કૌરવો અર્જુનને ધૃતરાષ્ટ્રના દુર્બુદ્ધ પુત્રો લાગતા હતા તે હવે તદ્દન સ્વજન લાગવા માંડ્યા. અર્જુનને એમ લાગ્યું કે સામેવાળા બધા આપણાં જ છે, સ્વજન છે. જન મટીને સ્વજન થઈ ગયા. અર્જુન તે બધા યૌદ્ધાઓની સામે લડવા આવ્યો હતો, તો પછી તે સ્વજન કેમ થઈ ગયા? એ જ બુદ્ધિભ્રષ્ટતા છે. અર્જુન તેમની જોડે લડવા આવ્યો હતો, તે યુદ્ધના મેદાનમાં ફરવા નહોતો આવ્યો, તે લડવા આવ્યો હતો તે જગજાહેર હતું. ફક્ત લોહીનું સગપણ કંઈ આપ્તપુરૂષનું લક્ષણ નથી. જે ન્યાયવાદી હોય, ઈશ્વરવાદી હોય અને યથાર્થવાદી હોય તેને આપ્ત કહેવાય. કૌરવો આપ્ત નથી પણ અર્જુનને લોહીના સગપણના લીધે બધા આપ્ત લાગ્યા અને તે જ બુદ્ધિભ્રષ્ટતા છે.

જેમને માટે અમે રાજ્ય, ભોગો અને સુખ ઈચ્છીએ છીએ તે લોકો કોણ છે? એનું વર્ણન અર્જુન આગળના બે શ્લોકો(૧/૩૪૩૫)માં કરે છે.



ગીતામૃતમ્

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્તથૈવ ચ પિતામહાઃ,
માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ શ્યાલાઃ સંબન્ધિનસ્તથા.
એતાન્ન હન્તુમિચ્છામિ ઘ્નતોપિ મધુસૂદન,




અપિ ત્રૈલોક્યરાજ્યસ્ય હેતોઃ કિં નુ મહીકૃતે.

ગુરૂજનો, પિતા, પુત્રો તથા પિતામહ, મામા, સસરા, પૌત્રો, સાળા તથા બીજા બધા જેટલા પણ સંબંધીઓ છે તે મારા પર પ્રહાર કરવા છતાં પણ હું આ બધાને હણવા નથી ઈચ્છતો અને હે મધુસૂદન! મને ત્રણે લોકનું રાજ્ય મળતું હોય તો પણ હું આ બધાને મારવા ઈચ્છતો નથી પછી પૃથ્વીના માટે તો હું આમને મારૂં જ શા માટે?

આ કુટુંબીઓમાં જે દ્રોણાચાર્ય વગેરે સાથે અમારે વિદ્યાનો અને કલ્યાણનો સંબંધ છે એવા પૂજ્ય આચાર્યોની મારે સેવા કરવી જોઈએ કે એમની સાથે લડાઈ કરવી જોઈએ? આચાર્યના ચરણોમાં તો પોતાની જાતને અને પોતાના પ્રાણોને પણ સમર્પિત કરી દેવા જોઈએ. શરીરના સંબંધથી જે પિતા વગેરે લોકો છે એમનું જ તો રૂપ આ અમારૂં શરીર છે, શરીરથી એમનું સ્વરૂપ હોવાથી અમે ક્રોધ કે લોભમાં ફસાઈને અમારા એ પિતાઓને કેવી રીતે મારીએ?

અમારા અને અમારા ભાઈઓના જે પુત્રો છે એ તો હંમેશાં પાલન કરવા યોગ્ય છે. એ અમારી વિરૂદ્ધ કોઈ કામ કરી બેસે તો પણ એમનું પાલન કરવું એ જ અમારો ધર્મ છે. એવી જ રીતે જે પિતામહો છે, એ જ્યારે પિતાજીના પણ પૂજ્ય છે તો અમારા માટે તો પરમ પૂજ્ય જ છે. એ અમને ફટકારી શકે છે, અમને મારી પણ શકે છે પરંતુ અમારી તો એવી જ ચેષ્ટા હોવી જોઈએ કે જેથી એમને કોઈ પ્રકારે દુઃખ ન થાય, કષ્ટ ન પડે, પરંતુ એમને સુખ મળે, આરામ મળે, એમની સેવા થાય.

જે અમારા મામાઓ છે તેઓ અમારૂં પાલનપોષણ કરનારી અમારી માતાઓના જ ભાઈઓ છે, આથી તેઓ માતાઓની જેમ જ પૂજનીય ગણાવા જોઈએ. આ જે અમારા સસરાઓ છે એ મારી અને મારા ભાઈઓની પત્નીઓના પૂજ્ય પિતાશ્રીઓ છે, આથી તેઓ અમારા માટે પણ પિતા સમાન છે, એમને હું કેવી રીતે મારવા ઈચ્છું? અમારા પુત્રોના જે પુત્રો છે એ તો પુત્રોથી પણ વધારે પાલનપોષણ કરવા યોગ્ય છે. અમારા જે સાળાઓ છે તેઓ પણ અમારી પત્નીઓના વ્હાલા ભાઈઓ છે, એમને કેવી રીતે મારવામાં આવે? આ જેટલા સંબંધીઓ જોવામાં આવી રહ્યા છે અને એમના ઉપરાંત પણ જેટલા પણ સંબંધીઓ છે એમનું પાલનપોષણ અને સેવા કરવી જોઈએ કે એમને મારવા જોઈએ? એમને મારવાથી જો અમને ત્રણેય લોકનું રાજ્ય પણ મળી જાય, તો પણ શું એમને મારવા એ યોગ્ય છે?

અહીં શ્રીકૃષ્ણનું મધુસૂદન વિશેષણ ધ્યાન આપવા જેવું છે. મધુ નામનો દૈત્ય હતો. મધુ એટલે મધ જેવો મીઠો. આ મોહ છે, મોહ મીઠો હોય છે, પરિણામ કડવાં હોય છે. જીવાત્મા આ મોહ નામના દૈત્યથી હંમેશાં દબાયેલો બંધાયેલો રહે છે. તેને ખબર પણ પડતી નથી કે તે બંધનમાં પડેલો છે. ઉંદર જેમ સૂતેલા માણસને ફુંકી ફુંકીને, ખોતરી ખોતરીને પગનું ચામડું ખાતો હોય છે તેમ મોહ પણ સૂતેલમોહાંધ માણસને ફુંકી ફુંકીને મારતો હોય છે. મોહ અને પ્રેમ બંન્નેનાં એક જ રંગરૂપ છે પણ મોહ ડૂબાડે છે, પ્રેમ તારે છે. મોહ કર્તવ્ય ચુકાવે છે, પ્રેમ કર્તવ્ય નિભાવે છે. આવા મોહ નામના દૈત્યનું સૂદન કરે, વિનાશ કરે તેને મધુસૂદન કહેવાય. જો અમારા આ કુટુંબીજનો પોતાના અનિષ્ટની નિવૃત્તિ માટે ક્રોધમાં આવીને મારા ઉપર પ્રહાર કરીને મારો વધ પણ કરવા ઈચ્છે તો પણ હું મારા અનિષ્ટની નિવૃત્તિ માટે ક્રોધમાં આવીને એમને મારવા ઈચ્છતો નથી. જો એ પોતાની ઈષ્ટ પ્રાપ્તિ માટે રાજ્યના લોભને વશ થઈને મને મારવા ઈચ્છે તો પણ હું મારી ઈષ્ટ પ્રાપ્તિ માટે લોભને વશ થઈને એમને મારવા ઈચ્છતો નથી. ક્રોધ અને લોભમાં આવી જઈને મારે નરકનો દરવાજો જોવો નથી.

**તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...** **નિફટી ફયુચર રેન્જ ૨૬૩૦૩ થી ૨૬૬૦૬ પોઈન્ટ ધ્યાને લેવી...!!!**

## ચાંદી વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન એસેટ બની...!!



ચાંદીની તેજ ચમક રોકાણકારોને ચકિત કરી રહી છે. છેલ્લા માત્ર એક વર્ષમાં ચાંદીના ભાવમાં ૧૫૦ ટકાથી વધુનો જોરદાર ઉછાળો નોંધાયો છે. ચાંદી સતત નવા રેકોર્ડ સર્જી રહી છે અને લગભગ દરરોજ ઓલટાઈમ હાઈને સ્પર્શી રહી છે. આ ક્રમમાં ક્રિસમસ ઈવનિંગે ચાંદીએ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન હાંસલ કર્યો છે. ચાંદી હવે વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન એસેટ ક્લાસ બની ગઈ છે. ૨૦૨૫ના અંતિમ તબક્કામાં સોનું, ચાંદી અને પ્લેટિનમના ભાવોએ નવા રેકોર્ડ બનાવ્યા છે અને રોકાણકારોને દમદાર વળતર આપ્યું છે.

કુલ વાર્ષિક રિટર્નની દષ્ટિએ ચાંદીએ સોનાને પાછળ મૂક્યું છે, જો કે કુલ મૂલ્યની બાબતમાં સોનું હજુ પણ ચાંદીથી આગળ છે. આ સપ્તાહ દરમિયાન જ ચાંદીએ ૫ ટકાથી વધુની તેજી દર્શાવી. વેલ્યુએશનની દષ્ટિએ આઈફોન બનાવતી એપલ તથા સર્ચ જાયન્ટ ગૂગલને પણ પાછળ છોડી દીધા છે. વૈશ્વિક વાયદા બજારમાં ચાંદીના ભાવ ૭૧ ડોલર પ્રતિ ઔંસથી ઉપર પહોંચી ગયા છે, જેના કારણે ચાંદી વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન સંપત્તિ બની છે. અગાઉ આ સ્થાન એપલ પાસે હતું પરંતુ ચાંદીના ભાવમાં આવેલા ઐતિહાસિક ઉછાળાને કારણે એપલ હવે પાછળ રહી ગયું છે.

ચાંદીનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન ૪.૦૪ ટ્રિલિયન ડોલરને પાર કરી ગયું છે, જ્યારે એપલનું માર્કેટ કેપ લગભગ ૪.૦૨ ટ્રિલિયન ડોલર છે. વિશ્વની સૌથી મૂલ્યવાન સંપત્તિ તરીકે સોનું હજુ પણ ટોચ પર છે. ૪૫૦૫ ડોલર પ્રતિ ઔંસના ભાવના આધારે સોનાની માર્કેટ કેપ લગભગ ૧૫ ટ્રિલિયન ડોલર છે, જ્યારે બીજા ક્રમે ચિપ નિર્માતા કંપની એનવીડિયા ૪.૫૭ ટ્રિલિયન ડોલરની માર્કેટ કેપ સાથે સ્થાન ધરાવે છે. ટેક્નિકલ દષ્ટિએ ચાંદીનો રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ ૮૦ના સ્તરે છે. સામાન્ય રીતે ૭૦થી ઉપરનો RSI ઓવરબોટ ઝોન દર્શાવે છે, એટલે કે હાલ ચાંદી ટેક્નિકલ રીતે ઓવરબોટ સ્થિતિમાં છે. બજાર નિષ્ણાતોના મતે આવનારા મહિનાઓમાં ચાંદીના ભાવમાં હજુ પણ વધારો શક્ય છે. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં સતત ઘટાડા, તેમજ વૈશ્વિક ભૂ-રાજકીય તણાવ વધતા ચાંદી વધુ આકર્ષક રોકાણ બની રહી છે.

જો કે ૨૦૨૬ની શરૂઆતમાં ફરી ફેડ દ્વારા વ્યાજદરમાં ફેરફારની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, ચાંદીના ભાવમાં તેજીનું એક મહત્વપૂર્ણ કારણ તેની વધતી ઔદ્યોગિક માંગ છે, જ્યારે સપ્લાય તે પ્રમાણે વધી રહ્યો નથી. આવનાર સમયમાં માંગમાં વધુ વધારો થવાની શક્યતા છે, પરંતુ મર્યાદિત પુરવઠાને કારણે ચાંદીના ભાવ ફરીથી ઉંચા સ્તરે પહોંચી શકે છે.

## દેશનું ફોરેક્સ રિઝર્વ ૪.૩૬૮ અબજ ડોલર વધીને ૬૯૩.૩૧૮ અબજ ડોલર પહોંચ્યું...!!

૧૯ ડિસેમ્બરે પૂર્ણ થયેલા સપ્તાહ દરમિયાન દેશનું વિદેશી હૂંડિયામણ ભંડાર ૪.૩૬૮ અબજ ડોલરનો વધારો નોંધાવીને ૬૯૩.૩૧૮ અબજ ડોલર પર પહોંચ્યું હતું. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ શુક્રવારે આ આંકડા જાહેર કર્યા હતા. તેના અગાઉના સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વમાં ૧.૬૮૯ અબજ ડોલરનો વધારો થયો હતો અને તે ૬૮૮.૯૪૯ અબજ ડોલર રહ્યું હતું.

૧૯ ડિસેમ્બરે પૂરા થયેલા સપ્તાહમાં ફોરેન કરન્સી એસેટ્સમાં ૧.૬૪૧ અબજ ડોલરનો વધારો થઈને તે ૫૫૯.૪૨૮ અબજ ડોલર થયું હતું. તે જ સમયગાળામાં ગોલ્ડ રિઝર્વમાં ૨.૬૨૩ અબજ ડોલરનો ઉછાળો નોંધાયો હતો અને તે વધીને ૧૧૦.૩૬૫ અબજ ડોલર પર પહોંચ્યું હતું.




આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય નાણાંકોષ સમક્ષ ભારતના રિઝર્વમાં ૯.૫ કરોડ ડોલરનો વધારો થઈને તે ૪.૭૮૨ અબજ ડોલર થયો હતો, જ્યારે સ્પેશ્યલ ડ્રોઈંગ રાઈટ્સમાં ૮૦ લાખ ડોલરનો વધારો નોંધાયો હતો.

## નવેમ્બર માસમાં ઔદ્યોગિક ઉત્પાદન ૬.૭% વધ્યું...!!

દેશમાં નવેમ્બર મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદન ૬.૭ ટકા વધ્યું હતું, જે છેલ્લા ૨૫ મહિનાનો સર્વોચ્ચ દર છે. ઓક્ટોબરમાં આ વૃદ્ધિ માત્ર ૦.૪ ટકા રહી હતી. ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન મુજબ, ગયા વર્ષે આ જ સમય ગાળામાં ઔદ્યોગિક ઉત્પાદનનો વધારો ૫ ટકા હતો. તે પહેલાં નવેમ્બર-૨૦૨૩માં IIP ગ્રોથ ૧૧.૯ ટકા સાથે સર્વોચ્ચ રહ્યો હતો.

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (ગજ્ય)એ ઓક્ટોબર-૨૦૨૫ માટેનો IIP વૃદ્ધિ દર સુધારીને ૦.૫ ટકા કર્યો છે, જે અગાઉ પ્રોવિઝનલ અંદાજ મુજબ ૦.૪ ટકા દર્શાવવામાં આવ્યો હતો. ગજ્યના આંકડા મુજબ, નવેમ્બર મહિનામાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ૮ ટકા વૃદ્ધિ નોંધાઈ, જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં આ વધારો ૫.૫ ટકા હતો. મેન્યુફેક્ચરિંગ સેક્ટરના કુલ ૨૩ માંથી ૨૦ ઈન્ડસ્ટ્રી ગ્રુપમાં સકારાત્મક વૃદ્ધિ જોવા મળી. માઈનિંગ સેક્ટરમાં નવેમ્બરમાં ૫.૪ ટકા વૃદ્ધિ નોંધાઈ હતી, જ્યારે ગયા વર્ષે આ ગાળામાં તે ૧.૯ ટકા રહી હતી.

બીજી તરફ, વીજ ઉત્પાદન ક્ષેત્રે ૧.૫ ટકા ઘટાડો નોંધાયો, જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળામાં ૪.૪ ટકા વૃદ્ધિ નોંધાઈ હતી. કેપિટલ ગુડ્ઝ સેગમેન્ટમાં ૧૦.૪ ટકા વૃદ્ધિ નોંધાઈ, જે ગયા વર્ષે આ ગાળામાં ૮.૯ ટકા હતી. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં ૧૦.૩ ટકા વધારો નોંધાયો, જો કે ગયા વર્ષે આ દર ૧૪.૧ ટકા હતો. જ્યારે કન્ઝ્યુમર નોન-ડ્યુરેબલ્સ સેગમેન્ટમાં ૭.૩ ટકા વૃદ્ધિ નોંધાઈ, જે ગયા વર્ષે આ જ ગાળામાં માત્ર ૦.૬ ટકા હતી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રે ૧૨.૧ ટકા વૃદ્ધિ નોંધાઈ, જે ગયા વર્ષે આ ગાળામાં ૮ ટકા હતી.

તહેવારો પહેલાં જીએસટીમાં ઘટાડો કરાતા માંગ વધવાની શક્યતા જોતા મોટાભાગની કંપનીઓએ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કર્યો હોવાનું માનવામાં આવે છે. અમેરિકાના ટેરિફના કારણે કેટલાક ક્ષેત્રો પર અસર પડી છે, પરંતુ જીએસટીમાં ઘટાડાથી તેની અસર મોટા ભાગે સંતુલિત થઈ ગઈ છે. બે મહિનાના વિરામ બાદ ડિસેમ્બરમાં વીજળીની માંગમાં વધારો થયો છે, જેના પરિણામે વીજ ઉત્પાદન વધવાની સંભાવના છે અને તેનાથી ડિસેમ્બરમાં IIP ગ્રોથ ૩.૫ થી ૫ ટકા વચ્ચે રહી શકે છે.

આ દરમિયાન, એપ્રિલથી નવેમ્બર સમયગાળામાં કુલ IIP વૃદ્ધિ ઘટીને ૩.૩ ટકા રહી છે, જ્યારે ગયા વર્ષે આ ગાળામાં તે ૪.૧ ટકા હતી. પ્રાઈમરી ગુડ્ઝ સેક્ટરમાં નવેમ્બરમાં ઉત્પાદન ૨ ટકા વધ્યું હતું જે ગયા વર્ષે આ ગાળામાં ૨.૭ ટકા હતું જ્યારે ઈન્ટરમીડિયેટ ગુડ્ઝ સેગમેન્ટમાં વૃદ્ધિ ૭.૩ ટકા રહી, જે ગયા વર્ષે આ ગાળામાં ૪.૮ ટકા હતી.

## કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં રાઈટ્સ ઈશ્યુમાં વિક્રમી ઉછાળો...!!

૨૦૨૫માં ઈનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ (આઈપીઓ) દ્વારા જ્યાં રેકોર્ડ સ્તરે નાણાં એકત્રિત થયા છે, ત્યાં જ રાઈટ્સ ઈશ્યુ મારફતે પણ કંપનીઓએ મોટા પાયે મૂડી ઊભી કરી છે. વર્ષ ૨૦૨૫માં રાઈટ્સ ઈશ્યુની સંખ્યા છેલ્લા ૨૮ વર્ષમાં સર્વોચ્ચ સ્તરે પહોંચી હોવાનું નોંધાયું છે. ઉપલબ્ધ આંકડાઓ મુજબ, સમાપ્ત થવા જઈ રહેલા ૨૦૨૫ દરમિયાન કુલ ૪૨ કંપનીઓએ રાઈટ્સ ઈશ્યુ દ્વારા રૂ.૪૩,૯૦૬ કરોડ એકત્રિત કર્યા હતા, જ્યારે ૨૦૨૪માં માત્ર ૧૯ કંપનીઓએ રાઈટ્સ ઈશ્યુ લાવ્યા હતા. ૨૦૨૫માં રાઈટ્સ ઈશ્યુનો આ આંકડો ૧૯૯૭ બાદનો શ્રેષ્ઠ રહ્યો છે. બીજી તરફ, ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ પ્લેસમેન્ટ (ક્યુઆઈપી)માં સ્પષ્ટ ઘટાડો જોવા મળ્યો છે. બજારમાં આવેલા કરેક્શનના કારણે ૨૦૨૫માં ક્યુઆઈપી પ્રવૃત્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ૨૦૨૪માં ૯૫ ક્યુઆઈપી મારફતે કંપનીઓએ રૂ.૧,૩૬,૦૬૦ કરોડ એકત્રિત કર્યા હતા, જ્યારે વર્તમાન વર્ષમાં માત્ર ૩૫ કંપનીઓએ ક્યુઆઈપી દ્વારા રૂ.૭૨,૨૯૦ કરોડ જ ઊભા કર્યા છે. એક રિસર્ચ રિપોર્ટ અનુસાર, સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા રાઈટ્સ ઈશ્યુ સંબંધિત નિયમોમાં કરવામાં આવેલી છૂટછાટ પણ કંપનીઓને આ માધ્યમ દ્વારા મૂડી એકત્રિત કરવા પ્રોત્સાહન આપી રહી છે.

## ડિસેમ્બર માસમાં રશિયન ક્રૂડ ઓઈલની આયાત ઘટી...!!

ભારતે ડિસેમ્બર મહિનામાં રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાતમાં ઘટાડો નોંધાવ્યો છે, જોકે આ ઘટાડાને તાત્કાલિક વિક્ષેપ તરીકે જોવામાં આવી રહ્યો છે અને દેશની ઓઈલ સોર્સિંગ રણનીતિમાં કોઈ માળખાકીય બદલાવના સંકેત મળતા નથી. રિયલ-ટાઈમ ડેટા એનાલિટિક્સ કંપની કેપલરના આંકડા મુજબ, ડિસેમ્બરમાં ભારતે રશિયા પાસેથી દરરોજ સરેરાશ ૧૨ લાખ બેરલ ક્રૂડ ઓઈલ આયાત કર્યું હતું, જ્યારે નવેમ્બરમાં આ સરેરાશ



૧૮.૪ લાખ બેરલ પ્રતિ દિવસ હતું. ડિસેમ્બર-૨૦૨૨ બાદ રશિયન ઓઈલની આ સૌથી ઓછી માસિક આયાત ગણાય છે.

અમેરિકાએ રશિયાની કેટલીક ચોક્કસ કંપનીઓના ઓઈલ પર પ્રતિબંધ લાદ્યા હોવાને કારણે, ભારતે જે કંપનીઓ પર પ્રતિબંધ નથી એવી રશિયન કંપનીઓ પાસેથી આયાત ચાલુ રાખી છે. અમેરિકાએ રશિયાની અગ્રણી નિકાસકર્તા કંપનીઓ રોસનેફ્ટ અને લ્યુકઓઈલ પર પ્રતિબંધ મૂક્યો છે. કેપલરના જણાવ્યા અનુસાર, ભારતીય રિફાઈનરીઓ મોટા પ્રમાણમાં આ બંને કંપનીઓ પાસેથી ઓઈલ ખરીદતી હોવાથી ડિસેમ્બરમાં આયાતમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. તેમ છતાં, આ સ્થિતિ ટૂંકા સમય માટેની હોવાનું મનાય છે.

# ૧૧ જાન્યુઆરીએ સોમનાથ આવશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં ભાગ લેશે

## આ પ્રસંગે સોમનાથ સ્વાભિમાન પર્વ હેઠળ વર્ષભર ચાલનારા કાર્યક્રમોની શ્રેણી શરૂ કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ જાન્યુઆરીએ પ્રખ્યાત સોમનાથ મંદિરની મુલાકાત લેશે. આ દરમિયાન તેઓ ૮ જાન્યુઆરીથી ૧૧ જાન્યુઆરી દરમિયાન આયોજિત સોમનાથ સ્વાભિમાન પર્વમાં ભાગ લેશે. આ ચાર દિવસીય કાર્યક્રમમાં આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓની શ્રેણીનો સમાવેશ થશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પ્રસંગે, સોમનાથ સ્વાભિમાન પર્વ હેઠળ વર્ષભર ચાલનારા કાર્યક્રમોની શ્રેણી શરૂ કરવામાં આવશે.

સોમનાથ સ્વાભિમાન પર્વનો ઉદ્દેશ્ય ભારતના પ્રાચીન સાંસ્કૃતિક વારસા, શ્રદ્ધા અને આત્મસન્માનને મજબૂત બનાવવાનો છે. આ કાર્યક્રમ દરમિયાન ધાર્મિક વિધિઓ, આધ્યાત્મિક પ્રવચનો, સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને સામાજિક જાગૃતિના કાર્યક્રમો યોજાશે. સ્થાનિક વહીવટીતંત્ર અને ટ્રસ્ટે વડા પ્રધાનની મુલાકાત માટે તૈયારીઓ તેજ કરી દીધી છે. સુરક્ષા વ્યવસ્થાની સાથે, ભક્તોની સુવિધા પર પણ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

ભાજપના પ્રવક્તા ડૉ. સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે આજનો વિષય રાજકારણ સાથે સંબંધિત નથી, પરંતુ ભારતની ઓળખ, આત્મસન્માન, અસ્તિત્વ અને ભવિષ્ય સાથે સંબંધિત છે. તેમણે કહ્યું કે દરેક દેશના ઈતિહાસમાં ચોક્કસ વળાંકો અને તારીખો હોય છે જે દુઃખદાયક હોવા છતાં, ભવિષ્યમાં તેનું પુનરાવર્તન અટકાવવા માટે યાદ રાખવા મહત્વપૂર્ણ છે.




તેમણે યાદ અપાવ્યું કે આજે ૬ જાન્યુઆરી, ૨૦૨૬ છે, અને બરાબર એક હજાર વર્ષ પહેલાં, આ દિવસે મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિરમાં તોડફોડ કરી હતી. સોમનાથ મંદિરને બાર જ્યોતિર્લિંગોમાંનું પ્રથમ માનવામાં આવે છે અને તેનું ખૂબ જ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ છે.

ડૉ. ત્રિવેદીએ કહ્યું કે સોમનાથ માત્ર એક મંદિર નથી, પરંતુ શ્રદ્ધાનું પ્રતીક છે. એવું માનવામાં આવે છે કે ફક્ત તેની મુલાકાત લેવાથી પાપોનો નાશ થાય છે, પુણ્ય મળે છે અને ઈચ્છિત પરિણામો મળે છે. આ જ કારણ છે કે સોમનાથને ભારતના આત્મા અને તેની શાશ્વત પરંપરાનું પ્રતીક માનવામાં આવે છે.

વડાપ્રધાન મોદીએ અગાઉ કહ્યું હતું કે વિદેશી આક્રમણકારો દ્વારા વારંવાર કરવામાં આવેલા હુમલાઓ છતાં ફરીથી બનાવવામાં આવેલું સોમનાથ મંદિર ભારતીય સંસ્કૃતિની અદમ્ય અને અટલ ભાવનાનું પ્રતીક છે. તાજેતરના એક લેખમાં તેમણે કહ્યું હતું કે ભારતીય સંસ્કૃતિની અદમ્ય ભાવનાનું સોમનાથ કરતાં વધુ સારું ઉદાહરણ કોઈ હોઈ શકે નહીં, જે બધી મુશ્કેલીઓ અને સંઘર્ષો છતાં ગર્વથી ઊભું છે.

તેમણે લખ્યું, "સોમનાથ મંદિર માટે ૨૦૨૬નું વર્ષ ખૂબ મહત્વનું છે, કારણ કે તે આ મહાન મંદિર પરના પ્રથમ હુમલાની ૧૦૦૦મી વર્ષગાંઠ છે.

જાન્યુઆરી ૧૦૨૬ માં, ગઝનીના મહમૂદે શ્રદ્ધા અને સભ્યતાના આ મહાન પ્રતીકનો નાશ કરવાના ઈરાદાથી આ મંદિરને તોડી પાડ્યું. આ એક હિંસક અને બર્બર પ્રયાસ હતો."

# સ્પોર્ટ્સ ન્યૂઝ

## નીરજ ચોપરાએ JSW સ્પોર્ટ્સ સાથે છેડો ફાડ્યો, શરૂ કરી પોતાની એથ્લીટ મેનેજમેન્ટ ફર્મ

### નીરજે જણાવ્યું હતું કે આ પ્રકરણના અંત સાથે તે તેના એ જ મૂલ્યોને તેની કારકિર્દીના આગલા તબક્કામાં આગળ લઈ જઈ રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫:** સ્ટાર એથ્લીટ નીરજ ચોપરા અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરાએ JSW સ્પોર્ટ્સ સાથેની લગભગ દાયકા જૂની ભાગીદારીનો અંત લાવ્યો છે. તેણે પોતાની એથ્લીટ મેનેજમેન્ટ કંપની વેલ સ્પોર્ટ્સ પણ શરૂ કરી છે.



નીરજ ચોપરા ૨૦૧૬થી JSW સ્પોર્ટ્સ સાથે છે, આ સમય દરમિયાન તેની કારકિર્દી નવી ઊંચાઈએ પહોંચી છે. તેના નિર્ણય અંગે ૨૭ વર્ષીય નીરજએ કહ્યું, "છેલ્લા દાયકામાં અમારી યાત્રા વૃદ્ધિ, વિશ્વાસ અને સિદ્ધિઓથી ભરેલી રહી છે. JSW સ્પોર્ટ્સે તેની કારકિર્દીને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને તે હંમેશા તેમના સમર્થન અને દ્રષ્ટિકોણ માટે આભારી રહેશે."

નીરજે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રકરણના અંત સાથે તે તેના એ જ મૂલ્યોને તેની કારકિર્દીના આગલા તબક્કામાં આગળ લઈ જઈ રહ્યો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને પક્ષો પરસ્પર સંમતિથી અલગ થઈ રહ્યા છે. JSW સ્પોર્ટ્સના CEO દિવ્યાંશુ સિંહે કહ્યું, "નીરજ સાથે કામ કરવું અમારા માટે એક અદ્ભુત અનુભવ રહ્યો છે. તેની સફળતા શ્રેષ્ઠતા અને હેતુના અમારા સહિયારા દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે." અમે સાથે મળીને જે સિદ્ધિઓ હાંસલ કરી છે તેના પર અમને ખૂબ ગર્વ છે અને ભવિષ્યમાં તેને શુભકામનાઓ પાઠવીએ છીએ. નોંધનીય છે કે નીરજ ચોપરાએ ૨૦૨૧ ટોક્યો ઓલિમ્પિકમાં ટ્રેક એન્ડ ફિલ્ડમાં ભારતનો પ્રથમ ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. ત્યારબાદ તેણે ૨૦૨૩ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ અને ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો. વૈશ્વિક મંચ પર તેણે અનેક પોડિયમ ફિનિશ કર્યા છે. નીરજ હવે આ વર્ષની એશિયન ગેમ્સ અને આગામી ઓલિમ્પિક ગેમ્સ પર નજર રાખી રહ્યો છે.

### મુસ્તફિઝુર રહેમાનને હટાવ્યા બાદ બાંગલાદેશનો નિર્ણય

## બાંગ્લાદેશે IPLનું પ્રસારણ અને સ્ટ્રીમિંગ સ્થગિત કર્યું

### બંને દેશો વચ્ચે વધતા તણાવ વચ્ચે આ નિર્ણય લેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઢાકા, તા.૦૫:** IPL 2026માંથી મુસ્તફિઝુર રહેમાનને છૂટો કરાતા બાંગ્લાદેશમાં આ મુદ્દો હવે વધુ વકરી રહ્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ટીમમાંથી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને મુક્ત કર્યા બાદ બાંગ્લાદેશ સરકારે ૫ જાન્યુઆરીના રોજ દેશમાં IPLનું પ્રસારણ અને સ્ટ્રીમિંગ અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધું હતું. બંને દેશો વચ્ચે વધતા તણાવ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે.



બાંગ્લાદેશ સરકારે તેના આદેશમાં જણાવ્યું હતું કે, "આ બાબતને ધ્યાનમાં રાખીને, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) તરફથી એક નિર્દેશ જારી કરવામાં આવ્યો છે, જેમાં ૨૬ માર્ચ, ૨૦૨૬થી શરૂ થનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ક્રિકેટ ટુર્નામેન્ટ માટે કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમમાંથી બાંગ્લાદેશના સ્ટાર ખેલાડી મુસ્તફિઝુર રહેમાનને બાકાત રાખવામાં આવ્યો છે."

આદેશમાં વધુમાં જણાવાયું છે કે ભારતીય ક્રિકેટ બોર્ડના નિર્ણયનું કોઈ તર્ક જાણીતું નથી અને બાંગ્લાદેશના લોકો આ નિર્ણયથી દુઃખી છે. આ સંજોગોમાં આગામી આદેશો સુધી તમામ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) મેચો અને ઈવેન્ટ્સનું પ્રસારણ બંધ કરવા વિનંતી કરવામાં આવે છે. આ આદેશ યોગ્ય સત્તાવાળાની મંજૂરીથી અને જાહેર હિતમાં જારી કરવામાં આવ્યો છે.

શનિવારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ કોલકાતા નાઈટ રાઈડર્સને તાજેતરના તણાવને ધ્યાનમાં રાખીને મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી છૂટો કરવાનો આદેશ આપ્યો હતો. તાજેતરના દિવસોમાં બાંગ્લાદેશમાં હિન્દુ હત્યાના અનેક બનાવો નોંધાયા છે, જેના કારણે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યો છે. KKRએ ૧૬ ડિસેમ્બરના રોજ યોજાયેલી મીની ઓક્શનમાં બાંગ્લાદેશી ક્રિકેટરને ૯.૨૦ કરોડમાં ખરીદ્યો હતો.

## પાકિસ્તાની બોલરે હસીને મજાક ઉડાડતાં ગુસ્સે ભરાયો પોલાર્ડ, મેદાનમાં માહોલ ગરમાયો

### પોલાર્ડે સીધો નસીમ શાહ તરફ ગયો અને બંને ખેલાડીઓ વચ્ચે બોલાચાલી થઈ, નસીમ શાહ પણ પીછેહઠ કરવા તૈયાર નહોતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દુબઈ, તા.૦૫:** ડેઝર્ટ વાઈપર્સે શાનદાર પ્રદર્શન કરીને ઈન્ટરનેશનલ લીગ T20 (IL T20) ની ચોથી સીઝનનો ખિતાબ પોતાના નામે કરી લીધો છે. ૪ જાન્યુઆરીના રોજ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં વાઈપર્સે એમઆઈ એમિરેટ્સને ૪૬ રનથી હરાવ્યું હતું. વાઈપર્સે પહેલી વાર ખિતાબ જીત્યો છે. બીજી તરફ બીજી સીઝનની વિજેતા રહેલી એમઆઈ એમિરેટ્સ આ વખતે ટાઈટલ જીતથી દૂર રહી ગઈ.



ILT20 ફાઈનલમાં તે સમયે માહોલ ગરમાયો જ્યારે વેસ્ટ ઈન્ડીઝના પૂર્વ કેપ્ટન કિરોન પોલાર્ડ અને પાકિસ્તાનના ફાસ્ટ બોલર નસીમ શાહ વચ્ચે મેદાન પર ઉગ્ર બોલાચાલી થઈ. આ ઘટના એમઆઈ એમિરેટ્સની ઈનિંગની ૧૧મી ઓવરના છેલ્લા બોલ પર બની હતી. ડેઝર્ટ વાઈપર્સ માટે રમી રહેલા નસીમ શાહે સારી લેન્થનો બોલ ફેંક્યો, જેના પર એમઆઈ એમિરેટ્સનો કેપ્ટન કિરોન પોલાર્ડ કંઈ ખાસ ન કરી શક્યો. બોલ પોલાર્ડના બેટની અંદરની ધાર પર વાગ્યો અને તેના પેડ પર સાથે ટકરાઈને બોલર તરફ પાછો ગયો. ત્યારબાદ નસીમ શાહે હસીને પોલાર્ડની મજાક ઉડાવી, જે અનુભવી બેટ્સમેનને બિલકુલ પસંદ ન આવ્યું અને તે ગુસ્સે ભરાયો. ત્યારબાદ કિરોન પોલાર્ડે સીધો નસીમ શાહ તરફ ગયો અને બંને ખેલાડીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ ગઈ. નસીમ શાહ પણ પીછેહઠ કરવા તૈયાર નહોતો અને મેદાન પર તણાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે અમ્પાયરોએ બંનેને અલગ કરવા માટે દરમિયાનગીરી કરવી પડી. જોકે, થોડી ઓવર પછી નસીમ શાહે પોલાર્ડને આઉટ કરી દીધો. પોલાર્ડ ૨૮ બોલમાં ૨૮ રન બનાવીને પેવેલિયન પાછો ફર્યો.

મેચ બાદ નસીમ શાહે કહ્યું કે, ફાઈનલનું દબાણ અલગ હોય છે. બેટ્સમેન અને બોલર બંનેમાં આખી ટીમનું યોગદાન રહ્યું. અમારી પાસે સારા વિકલ્પ હતા અને મેનેજમેન્ટે તેનો યોગ્ય ઉપયોગ કર્યો. તમામે પોતાનું ૧૦૦% આપ્યું અને પરિણામ બધાની સામે છે.

ફાઈનલમાં સેમ કરનની કેપ્ટનશીપ વાળી ડેઝર્ટ વાઈપર્સે શાનદાર પ્રદર્શન કર્યું. પ્રથમ બેટિંગ કરતા ડેઝર્ટ વાઈપર્સે ૨૦ ઓવરમાં ૪ વિકેટ પર ૧૮૨ રન બનાવ્યા હતા, જેમાં કેપ્ટન સેમ કરનના શાનદાર ૭૪ રન સામેલ છે. ટાર્ગેટનો પીછો કરતા એમઆઈ એમિરેટ્સ ૧૮.૩ ઓવરમાં ૧૩૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ડેવિડ પાયને અને નસીમ શાહે ત્રણ-ત્રણ વિકેટ ખેરવી હતી.

### સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો

## મેરિટમાં આગળ હોય તો જનરલ કેટેગરીની નોકરીમાં પણ SC/ST/OBCનો હક

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો અનામત વર્ગનો કોઈ ઉમેદવાર જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધુ માર્ક્સ મેળવે છે, તો તેને શોર્ટ લિસ્ટિંગ વખતે ઓપન કેટેગરીનો ગણવો જોઈએ. રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયને યથાવત્ રાખતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, યોગ્યતા ધરાવતા ઉમેદવારોને માત્ર તેમની અનામત શ્રેણી પૂરતા સીમિત રાખી શકાય નહીં. આ ચુકાદાથી સરકારી ભરતીઓમાં મેરિટ ને વધુ પ્રાધાન્ય મળશે અને તેજસ્વી ઉમેદવારો સાથે થતો અન્યાય અટકશે.

ઓગસ્ટ ૨૦૨૨માં રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા જુનિયર જ્યુડિશિયલ આસિસ્ટન્ટ અને ક્લર્ક ગ્રેડ-II ની ૨,૭૫૬ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી. આ પ્રક્રિયામાં ૩૦૦ માર્ક્સની લેખિત પરીક્ષા અને ૧૦૦ માર્ક્સની ટાઈપિંગ ટેસ્ટ નક્કી કરવામાં આવી હતી. નિયમ મુજબ, દરેક કેટેગરીમાં ખાલી જગ્યા કરતા ૫ ગણા ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવાના હતા. મે ૨૦૨૩માં તેનું પરિણામ આવ્યું, ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી કે SC, OBC, MBC અને EWS કેટેગરીના કટ-ઓફ જનરલ કેટેગરી કરતા પણ ઊંચા ગયા હતા. આ કારણે ઘણા એવા ઉમેદવારો લિસ્ટમાંથી બહાર થઈ ગયા જેમના માર્ક્સ જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધારે હતા, પરંતુ તેમની પોતાની અનામત શ્રેણીના ઊંચા કટ-ઓફને કારણે તેઓ ટાઈપિંગ ટેસ્ટ માટે ક્વોલિફાય ન થઈ શક્યા. આ અરજી મુદ્દે રાજસ્થાન હાઈકોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે જે ઉમેદવારોએ કોઈ પણ વધારાની છૂટછાટ વગર જનરલ કેટેગરી કરતા વધુ માર્ક્સ મેળવ્યા છે, તેમને ઓપન કેટેગરી માં જ ગણવા જોઈએ.

આ અંગે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ દીપાંકર દત્તા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે આ નિર્ણયને યથાવત્ રાખતા કહ્યું કે, 'ઓપન કેટેગરી એ કોઈ અનામત ક્વૉટા નથી. તે તમામ ઉમેદવાર માટે માત્ર મેરિટના આધારે ખુલ્લી છે. જો કોઈ અનામત વર્ગનો ઉમેદવાર ક્ષમતા પર વધુ માર્ક્સ લાવે છે, તો તેને જનરલ કેટેગરીમાં જ સ્થાન મળવું જોઈએ.'

આ ચુકાદા બાદ, હવે ભરતી બોર્ડે પહેલા જનરલ કેટેગરીનું મેરિટ લિસ્ટ તૈયાર કરવું પડશે. જે ઉમેદવારો તેમાં સ્થાન પામશે, તેમને અનામત યાદીમાંથી બહાર રાખીને બાકીની અનામત બેઠકો ભરવી પડશે. આ નિર્ણયથી એવા સેંકડો ઉમેદવારોને ફાયદો થશે, જે પ્રતિભાશાળી હોવા છતાં ટેકનિકલ કારણસર ભરતીમાંથી બહાર નીકળી જતા હતા. ષ્તા જાળવી રાખે, તો તેની અનામત કેટેગરીને બદલે ઓપન કેટેગરીમાં જ નિમણૂક મળવી જોઈએ.

### રેલવેએ ટિકિટ બુકિંગ નિયમોમાં કર્યો મોટો બદલાવ

## આધાર લિંક વગર સવારે ૮થી ૪ ટિકિટ બુક નહીં થાય

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

ભારતીય રેલવેમાં ટિકિટ બુકિંગના નિયમોમાં એક મોટો ફેરફાર આજથી અમલમાં આવ્યો છે. જો તમારું આધાર કાર્ડ તમારા IRCTC એકાઉન્ટ સાથે લિંક નથી તો તમે આજથી ૫ જાન્યુઆરીથી સવારે ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી ટ્રેન ટિકિટ બુક કરી શકશો નહીં. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ નિયમ ફક્ત ટ્રેન ટિકિટ બુકિંગ શરૂ થાય તે પહેલા દિવસ માટે જ લાગુ પડે છે.

તમારી માહિતી માટે રિઝર્વ ટિકિટ બુકિંગ ટ્રેનની ઉપડવાની તારીખના ૬૦ દિવસ પહેલા ખુલે છે. ભારતીય રેલવે આ નિયમોને ત્રણ તબક્કામાં લાગુ કરી રહી છે. પહેલો તબક્કો ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ લાગુ કરવામાં આવ્યો હતો અને બીજો તબક્કો આજથી અમલમાં આવ્યો છે. આ નિયમો હેઠળ, ૨૯ ડિસેમ્બરથી શરૂ કરીને, IRCTC વપરાશકર્તાઓ માટે ટિકિટ બુકિંગ સ્થગિત કરવામાં આવ્યું હતું જેમના એકાઉન્ટ્સ ૮ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી આધાર સાથે લિંક નથી. આજથી, ૮ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી ટિકિટ બુકિંગ સ્થગિત કરવામાં આવ્યું છે.

IRCTC ના નવા નિયમો અનુસાર, ૫ જાન્યુઆરીથી શરૂ થતા ફક્ત એવા વપરાશકર્તાઓ કે જેમણે પોતાનું ID આધાર કાર્ડ સાથે લિંક કર્યું છે તેઓ જ સવારે ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી ટિકિટ બુક કરાવી શકશે. જોકે, આ નિયમ ટ્રેન ટિકિટ બુક કરાવવા માટે ૬૦ દિવસની મુદતના પહેલા દિવસે લાગુ પડે છે. ટ્રેન માટે એડવાન્સ ટિકિટ બુકિંગ ૬૦ દિવસ અગાઉથી શરૂ થાય છે. ભારતીય રેલવે IRCTC એ આ નિયમ ત્રણ તબક્કામાં લાગુ કર્યો છે.

વધુમાં, ૧૨ જાન્યુઆરીથી સવારે ૮ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી જે વપરાશકર્તાઓના IRCTC એકાઉન્ટ્સ આધાર સાથે લિંક નથી તેઓ ટિકિટ બુક કરી શકશે નહીં. આ નિયમ લાગુ કરવાનો હેતુ પારદર્શિતા લાવવાનો છે જેથી સાચા મુસાફરોને ટિકિટ બુક કરવાની તક મળે. આ નિયમના અમલીકરણથી ટિકિટ બ્રોકરોના નકલી એકાઉન્ટ્સ દ્વારા ટિકિટ બુકિંગ અટકાવવામાં નોંધપાત્ર મદદ મળશે. આ જાહેરાત બાદ, મુસાફરોને શરૂઆતના દિવસે ટિકિટ મેળવવામાં સરળતા રહેશે. સામાન્ય વપરાશકર્તાઓને આ નિયમનો લાભ મળશે. તેમને ટિકિટની સંપૂર્ણ ઍક્સેસ મળશે. વધુમાં, કાઉન્ટર પર ટિકિટ બુક કરતી વખતે પણ OTP જરૂરી રહેશે. આ હેતુ માટે તમારો મોબાઈલ નંબર આધાર સાથે લિંક હોવો આવશ્યક છે.

### દિલ્હી રમખાણોના સાત આરોપીઓમાંથી પાંચને સુપ્રીમે જામીન આપ્યા

## શર્જીલ ઈમામ, ઉમર ખાલિદને જામીન નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫:** દિલ્હી રમખાણોના સાત આરોપીઓમાંથી પાંચને સુપ્રીમ કોર્ટે જામીન આપી દીધા છે, જ્યારે બે આરોપીઓ- શર્જીલ ઈમામ અને ઉમર ખાલિદને રાહત મળી નથી. કોર્ટનું કહેવું છે કે અમે બધા મામલાનું અલગ-અલગ પરીક્ષણ કર્યું છે. પોલીસ તરફથી એકત્ર કરવામાં આવેલા તથ્યો પ્રમાણે ઉમર ખાલિદ અને શર્જીલ ઈમામની ભૂમિકા કેન્દ્રીય છે. તેને લાંબા સમયથી જેલમાં રહેવાના આધાર પર જામીન ન મળી શકે. પરંતુ કોર્ટે કહ્યું કે બંને ટ્રાયલ કોર્ટમાં જામીન માટે અપીલ કરી શકે છે. જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ એનવી અંજારિયાની બેન્ચે સોમવાર (૫ જાન્યુઆરી, ૨૦૨૬) ના કહ્યુ કે બંધારણના અનુચ્છેદ ૨૧ (જીવનનો અધિકાર) મહત્વનો છે, તેનો હવાલો આપવામાં આવ્યો છે, પરંતુ આ અધિકાર કાયદાકીય જોગવાઈથી ઉપર નથી. ઉમર ખાલિદ, શર્જીલ ઈમામ, ગુલ્ફીશા ફાતિમા, મીરાં હૈદર, શિફા ઉર્ફે રહેમાન, શાહદાબ અહેમદ અને મોહમ્મદ સલીમ ૨૦૨૦ના દિલ્હી રમખાણોને ભડકાવવાના કાવતરાના આરોપસર પાંચ વર્ષથી વધુ સમયથી જેલમાં છે. કોર્ટે ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ દલીલો સાંભળ્યા બાદ જામીન પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. દિલ્હી હાઈકોર્ટ અને ટ્રાયલ કોર્ટે તેમને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. ૨ સપ્ટેમ્બરના રોજ, દિલ્હી હાઈકોર્ટે જામીન આપવાનો ઈનકાર કર્યો હતો, જેના કારણે આરોપીઓએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

## અમેરિકા-વેનેઝુએલાની ઘમસાણની અસર સોના-ચાંદી પર પણ જોવા મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

અમેરિકા-વેનેઝુએલાની ઘમસાણની સીધી અસર સોના-ચાંદીના ભાવ પર પડી છે. અમેરિકાએ વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કરવાના અને બંને દેશો વચ્ચે સૈન્ય ઘર્ષણના સમાચાર સામે આવ્યા બાદ રોકાણકારો સતર્ક થઈ ગયા છે, જેના કારણે આજે પાંચમી જાન્યુઆરીએ સોના-ચાંદીની કિંમતોમાં રૉકેટ વધારો થયો છે. વૈશ્વિક ટેન્શનને ધ્યાને રાખીને રોકાણકારોએ શેર માર્કેટથી દૂર રહેવાનો અને સોના-ચાંદીમાં સુરક્ષિત રોકાણ કરવાનું વલણ અપનાવ્યું છે. સુરક્ષિત રોકાણ કરનારાઓએ સોનાનો ભાવ રૂ.૧.૩૭ લાખ અને ચાંદીની કિંમત રૂ.૨.૪૩ લાખ પર પહોંચાડી દીધી છે.

MCX પર 'ગોલ્ડ ફેબ્રુઆરી ફ્યૂચર'માં આજે જોરદાર વધારો જોવા મળ્યો છે. બપોરે દોઢ વાગ્યે પ્રતિ ૧૦ ગ્રામ સોનાની કિંમત ૧.૪૭ ટકા વધીને ૧,૩૭,૭૫૦ રૂપિયા પર પહોંચી ગઈ છે. જોકે આ આંકડો ડિસેમ્બર-૨૦૨૫ના રેકોર્ડ લેવલથી ૧,૪૦,૪૬૫ રૂપિયા નીચે છે. આજે ચાંદીના ભાવમાં પણ ધરખમ વધારો જોવા મળ્યો છે. એમસીએક્સ પર 'સિલ્વર માર્ચ ફ્યૂચર' ૨.૯૨ ટકા વધારાની સાથે ૨,૪૩,૨૩૩ રૂપિયે પ્રતિ કિલો પર ટ્રેડ કરતો જોવા મળ્યો છે. આજે પ્રતિ કિલો ચાંદીની ભાવમાં એક જ દિવસમાં લગભગ રૂપિયા ૬૮૦૦થી વધુનો વધારો જોવા મળ્યો છે.

### અમેરિકાના હુમલા બાદ હવે માદુરોના પુત્ર મેદાને આવ્યા

## 'ઈતિહાસ બતાવશે કે, ગદ્દાર કોણ છે, ઈતિહાસ તેનો ખુલાસો કરશે અમે તેને જોઈશું: પુત્ર ગુએરા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વેનેઝુએલા, તા.૦૫**

વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કર્યા બાદ પુત્ર ગુએરાએ વિરોધીઓને આકરા શબ્દોમાં ચેતવણી આપી છે. ગુએરાએ કહ્યું કે, 'ઈતિહાસ બતાવશે કે ગદ્દાર કોણ છે. વેનેઝુએલાના કેટલાક લોકોએ દગો આપ્યો છે, જેમને આગામી સમયમાં ખુલ્લો પાડી ન્યાય કરીશું.'

માદુરોના પુત્ર ગુએરાનો સોશિયલ મીડિયા પર ઓડિયો સંદેશ વાયરલ થયો છે, જેમાં તેણે કહ્યું છે કે, 'ઈતિહાસ બતાવશે કે, ગદ્દાર કોણ છે. ઈતિહાસ તેનો ખુલાસો કરશે અમે તેને જોઈશું. અમે ઠીક છીએ, શાંત છીએ. અમે રસ્તાઓ પર આવીને વિરોધ કરીશું. વિરોધીઓ અમને નબળા પાડવા માંગે છે. અમે સમ્માન અને ગરિમાના ઝંડા લહેરાવીને રહીશું. આ પરિસ્થિતિના કારણે અમને દુઃખ થયું છે, અમને ગુસ્સો આવ્યો છે, પરંતુ હવે તેઓ ફરી આવું નહીં કરી શકે. આવી કાર્યવાહી સામે ધિક્કાર છે. હું મારું જીવન અને મારી માતાની કસમ ખાઉં છું, હવે તેઓ ફરી આવું નહીં કરી શકે..

માદુરોના પુત્રએ કહ્યું કે, તેમણે એકતા મજબૂત કરવા માટે તેમના સમર્થકોને ચાર અને પાંચમી જાન્યુઆરીએ જાહેર આંદોલનમાં ભાગ લેવા આહવાહન કર્યું છે. ગુએરાએ અમેરિકાની કાર્યવાહીની નિંદા કરી કહ્યું કે, આપણે બહારના આક્રમણોને જવાબ આપવા માટે રાજકીય અને સૈન્ય વચ્ચે સંકલન ઉભુ કરવાની જરૂર છે. તેમણે પિતા મદારોને કસ્ટડીમાંથી મુક્ત કરવા અને તેમને વેનેઝુએલા પરત મોકલવા અમેરિકાની માંગ કરી છે. માદુરો ગુએરા લા ગુએરા રાજ્યના લોમેકર છે અને તેઓ સત્તાધારી યુનાઈટેડ સોશલિસ્ટ પાર્ટી (PSUV)ના સભ્ય પણ છે. અમેરિકાની યાદીમાં ધ પ્રિન્સના નામથી જાણિતા ગુએરાનું નામ સામેલ છે. વેનેઝુએલાના ડ્રગ ઓપરેશનમાં ગુએરાની ભૂમિકા હોવાનો અમેરિકન રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે.

# શ્રી ભંડારી જ્ઞાતિ મંડળ વાપીની ૨૨મી વાર્ષિક સભા અને સ્નેહ મિલન યોજાયું




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા. ૦૫**

શ્રી ભંડારી જ્ઞાતિ મંડળ વાપીની ૨૨મી વાર્ષિક સાધારણ સભા તથા સ્નેહમિલન કાર્યક્રમ વાપીના ઉપાસના લાયન્સ સ્કૂલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમનો અધ્યક્ષ પદ શ્રી દોલતભાઈ પટેલે સંભાળ્યું હતું તથા અતિથિ વિશેષપદે શ્રી બાબુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ભંડારી જ્ઞાતિ મંડળ વાપીની આ વાર્ષિક સાધારણ સભામાં વીતેલા વર્ષનો અહેવાલ મંડળના પ્રમુખ શ્રી વી.ડી.પટેલે રજૂ કર્યો હતો. જ્યારે મંડળના વાર્ષિક હિસાબનો રિપોર્ટ ખજાનચી શ્રી પરેશભાઈ પટેલે રજૂ કર્યો હતો. જે સર્વાનુમતે મંજૂર કરાયો હતો.

આ પ્રસંગે સભાના પ્રમુખ શ્રી દોલતભાઈ પટેલે મંડળની ૨૨વર્ષની સફરને બિરદાવી હતી અને મંડળ દ્વારા થયેલા કાર્યો તથા આયોજનોની પ્રશંસા કરી હતી. અતિથિ વિશેષ શ્રી બાબુભાઈ પટેલ દ્વારા પણ મંડળની ગતિવિધિની પ્રશંસા કરવામાં આવી હતી તથા સમાજમાં શિક્ષણ એક્તા અને પ્રગતિ ઉપર ભાર આપ્યો હતો. બારડોલીથી પધારેલા શ્રી ઈશ્વરભાઈ પટેલે ભંડારી સમાજની ઉત્પત્તિ ગોત્ર અને કુળદેવી અંગે રસપ્રદ માહિતી આપી હતી.

આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત સમાજના વિશિષ્ટ પદવી હાંસલ કરનાર તથા વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર વ્યક્તિ વિશેષોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદના અને મા સરસ્વતીની પ્રાર્થનાથી થઈ હતી.

આ પ્રસંગે મંડળ દ્વારા વાપી ખાતે સમાજનો હોલ બનાવવા માટે કટિબદ્ધતા વ્યક્ત કરાઈ હતી.આ સ્નેહ મિલન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન મંડળના ઉપ-મુખ સતિષભાઈ પટેલે કર્યુ હતું.

### વલસાડ જિલ્લા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા

# ધરમપુર તાલુકાના બારોલિયામાં જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

તા. ૦૪/૦૧/૨૦૨૬ રવિવારના દિને વલસાડ જિલ્લા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ધરમપુર તાલુકાના બારોલીયા ગામમાં કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન ૧૭૮-ધરમપુરના ધારાસભ્ય શ્રી તથા બીજેપી ઉપાધ્યક્ષ ગુજરાત પ્રદેશ શ્રી અરવિંદભાઈ પટેલના હસ્તે રિબીન કાપીને કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે, વલસાડ લોકસભા સંયોજક શ્રી ગણેશ બીરારી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મનહરભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપા મહામંત્રી શ્રી મહેન્દ્રભાઈ ચૌધરી, ધરમપુર ભાજપા પ્રમુખ શ્રી કેતનભાઈ વાઢુ, ટીસ્કરી સરપંચ શ્રી દિનેશ ભોયા, બારોલીયા સરપંચ શ્રી લક્ષ્મણ ખીરારી તેમજ વલસાડ જિલ્લા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના તાલુકા અને જિલ્લા કક્ષાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આ ટૂર્નામેન્ટ વલસાડ જિલ્લા કન્વીનર શ્રી અંકુરભાઈ માહલાના નેતૃત્વ હેઠળ સફળતાપૂર્વક યોજાઈ હતી. ટુર્નામેન્ટમાં વલસાડ જિલ્લાની કુલ ૬ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચ ધરમપુર તાલુકા અને કપરાડા તાલુકા વચ્ચે રમાઈ, જેમાં કપરાડા પેન્થર્સે શાનદાર પ્રદર્શન કરી વિજેતાનો ખિતાબ પોતાના નામે કર્યો. આ ટુર્નામેન્ટથી જિલ્લાના ખેલાડીઓને પ્રોત્સાહન મળ્યું અને શૈક્ષિક મહાસંઘની રમતગમત પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

# વાપીમાં નિ:શુલ્ક મિગુન લાઈફ થેરાપી સેન્ટરનો ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે શુભારંભ કરાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

આજરોજ તા.૪ જાન્યુઆરીને રવિવારે જિનેશ્વર બિલ્ડિંગ,પહેલે માળે,રામ રાઈસ મિલની સામે કચીગામ રોડ વાપી ખાતે મિગુન લાઈફ થેરાપી સેન્ટર (આર્યન વેલનેસ અને હેલ્થ સેન્ટર)નું ઉદ્ઘાટન પૂર્વ મંત્રી અને ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકરનાં હસ્તે કરવામાં આવેલ આ સેન્ટરમાં કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવશે નહીં, બિલકુલ ફ્રી સેન્ટર છે, પાટકર સાહેબે હાલનાં સમયે આવા થેરોપી સેન્ટરોની ખાસ જરૂરિયાત છે તેમ જણાવી અન્ય સ્થળો પર પણ આવા થેરોપી સેન્ટર કરવા આયોજકોને જણાવેલ ,

ઉપરોક્ત કાર્યકમમાં ભાજપ આર્થિક સેલનાં વલસાડ જિલ્લા સંયોજક શ્રી મહેશભાઈ ભટ્ટ, ઉમરગાવ તાલુકા સરપંચ સંઘનાં પ્રમુખ અને માણેકપુરનાં સરપંચ શ્રી રાકેશભાઈ વઘાત, ભાજપ મહિલા મોરચા વલસાડ જિલ્લાનાં મહામંત્રી શ્રીમતી ગીતાબેન પટેલ, ભાજપ વાપી શહેરનાં પૂર્વ પ્રમુખ શ્રીપાદભાઈ સોની, બ્રહ્મસમાજ વાપીનાં પ્રમુખ શ્રી મુકેશભાઈ તિવારી, ભાજપ વાપી તાલુકા મહિલા મોરચાનાં પ્રમુખ શ્રીમતી સુનિતાબેન ઉમેશભાઈ તિવારી, યદુવંશી સેવા સમાજ વાપીનાં પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ યાદવ, પ્રવક્તા શ્રી જીતીનભાઈ યાદવ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

તદ્‌ઉપરાંત ડિરેક્ટર શ્રી કાંતિભાઈ, એમ.ડી. શ્રીમતી પિંકીબેન વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

સંસ્થાનાં માલિક શ્રી આર્યન પરમાર અને શ્રી પુષ્પાબેન પરમાર દ્વારા સૌ મહેમાનોનું સ્વાગત કરેલ અને ઉદ્‌ઘાટન ઉપસ્થિત રહી પ્રોત્સાહિત કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# પતંગના દોરામાં ફસાયેલ ઘુવડને બચાવતું પારડી જીવદયા ગ્રુપ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) પારડી, તા.૦૫**

પારડી બજાર સ્થિત એસબીઆઈ બેન્કની સામેની બિલ્ડીંગમાં એક ઘુવડ પતંગના દોરામાં ફસાઈ જઈ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યું હતું. આ અંગેની જાણ પારડી જીવદયા ગ્રુપના પ્રમુખ શ્રી અલી અન્સારીને કરવામાં આવતા જીવદયા ગ્રુપના યાસીન મુલતાનીએ સમયસર સ્થળ પર પહોંચી પતંગના દોરામાં ફસાયેલ ઘુવડને હેમખેમ સલામત રીતે બચાવી લીધુ હતું.

જીવ દયા ગ્રુપના શ્રી અલી અન્સારીએ એક દિવસના આ ઉતરાયણ મહોત્સવમાં અબોલ પક્ષીઆને બચાવવા જાહેર અપીલ કરી છે.



# જીવન વરદાયીની બની રહેલ ૧૦૮ એમ્બ્યુલન્સમાં મોટાપોંઢાની બે મહિલાઓની સફળ પ્રસૂતિ કરાઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

ગુજરાત સરકાર દ્વારા કાર્યરત ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ તેના કાર્યકાળ દરમિયાન હજારોની જીંદગીનું જીવતદાન આપી ચૂકી છે. તેથી ૧૦૮ને જીવન વરદાયીની પણ કહેવાય છે. એક બે નહીં સેંકડો કિસ્સાઓમાં ૧૦૮ એમ્બ્લ્યુલન્સ પ્રમાણિક માનવતા ભરી સેવા કામગીરી અવિરત ૨૪ કલાક બજાવતી રહી છે. તેવી યશોગાથામાં એક વધુ બનાવ ઉમેરાયો છે. મોટાપોંઢા લાકડમાળ ગામની બે મહિલાઓને ગત રાત્રે પ્રસૂતિની પીડા ઉપડી હતી. પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવી હતી. એમ્બ્યુલન્સ હોસ્પિટલમાં પહોંચે તે પહેલા બંને મહિલાને પ્રસૂતિની પીડા ઉપડી હતી. તેથી એમ્બ્યુલન્સની પરિચારીકાઓએ




એમ્બ્યુલન્સમાંજ સફળ પ્રસૂતી કરાવીને સરાહનીય કામગીરી બજાવી હતી.

મોટાપોંઢા લાકડમાળની બે મહિલાઓને પ્રસૂતિ માટે ગામની નાનાપોંઢા હોસ્પિટલ જવા નિકળી હતી. તે દરમિયાન રસ્તામાંજ પ્રસૂતિની પીડા ઉપડતા ત્વરીત સમય સૂચકતા બતાવ ફરજ પરની પરિચારીકાએ બન્ને મહિલાઓની એમ્બ્યુલન્સમાંજ સફળ પ્રસૂતિ કરાવીને ઉમદા ફરજ પરસ્તીનું ઉદાહરણ પૂરુ પાડ્યું હતું. પ્રસૂતિ બાદ બન્ને મહિલાઓને હોસ્પિટલમા દાખલ કરવામાં આવી હતી. હોસ્પિટલમાં બંને મહિલા અને નવજાત શિશુઓ સ્વસ્થ છે.

# ૨૩ વર્ષથી હત્યાના ગુનામાં ફરાર સુરતનો આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો

**(સંપૂર્ણ સમાચાર સેવા) સુરત,તા.૦૫**

સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક પ્રશંસનીય કામગીરી કરતા છેલ્લા બે દાયકાથી વધુ સમયથી પોલીસને થાપ આપી રહેલા હત્યાના વોન્ટેડ આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૩માં કાપોદ્રા વિસ્તારમાં થયેલી એક હત્યાના ગુનામાં સંડોવાયેલો આરોપી કુંજ ઉર્ફે સંજય મહારાષ્ટ્રના થાણે ખાતેથી પોલીસના સકંજામાં આવ્યો છે.

ઘટનાની વિગત એવી છે કે, વર્ષ ૨૦૦૩માં સુરતના કાપોદ્રા વિસ્તારમાં જૂની અદાવતને રાખીને આરોપી કુંજ ઉર્ફે સંજય ઉર્ફે સંજુ બૈધનાથ ખેરવાર અને તેના સહ-આરોપીઓએ મળીને એક વ્યક્તિની ઘાતકી હત્યા કરી હતી. આ ઘટના બાદ પોલીસ અન્ય આરોપીઓ સુધી પહોંચી હતી, પરંતુ મુખ્ય આરોપી સંજય પોલીસ પકડથી બચવા માટે સુરત છોડીને નાસી ગયો હતો.છેલ્લા ૨૩ વર્ષથી પોતાની ઓળખ છુપાવીને મહારાષ્ટ્રના થાણે વિસ્તારમાં રહેતો હતો. તે સતત સ્થળ અને કામ બદલીને પોલીસની નજરમાંથી બચતો રહ્યો હતો. જોકે, સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમને ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સ દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી થાણેમાં છુપાયેલો છે. જેના આધારે ટીમે મહારાષ્ટ્રમાં દરોડો પાડી આરોપીને દબોચી લીધો હતો.સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીની ધરપકડ કર્યા બાદ હવે તેને આગળની તપાસ માટે કાપોદ્રા પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ૨૩ વર્ષ જૂના આ વણઉકેલાયા કેસમાં આરોપીની ધરપકડ થતા પોલીસ બેડામાં પણ ચર્ચા જાગી છે. આ કામગીરી દર્શાવે છે કે, ગુનેગાર ગમે તેટલો સમય ભાગે, પરંતુ આખરે તે કાયદાની પકડમાં આવે જ છે.

# નારણ લાલા લૉ કોલેજ નવસારીનું ગૌરવ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

સુરતમાં જે. બી.ધારુકાવાળા કોલેજમાં યોજાયેલી કાવ્યપઠન સ્પર્ધામાં શહેરનું ગૌરવ વધારતા પ્રજાપતિ નિશા શ્યામલાલ, જે નારણ લાલા લૉ કોલેજની વિદ્યાર્થીની છે, તેમણે ઉત્તમ પ્રદર્શન કરતાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

સ્પર્ધામાં વિવિધ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સાથે સંકળાયેલ આંતર કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં પ્રજાપતિ નિશાએ પોતાની સર્જનાત્મક અભિવ્યક્તિ અને સ્વચ્છ ઉચ્ચાર સાથે સૌનુ મન મોહી લીધું હતું. કોલેજ પરિવાર, સ્ટાફ અને સહપાઠીઓ તરફથી નિશાને ભાવભીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

સંસ્થાના ટ્રસ્ટી અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશભાઈ કંસારા કેમ્પસ ડિરેક્ટર ડૉ વી.ડી.નાયક અને કોલેજના આચાર્ય ડૉ.કેતના ચાંપાનેરી દ્વારા વિદ્યાર્થીનીને હાર્દિક શુભેચ્છા પાઠવી ભવિષ્યમાં વધુ સફળતા પ્રાપ્ત કરવાની શુભેચ્છા પાઠવી હતી.

# ચીખલી પોલીસે ખૂડવેલથી જનરેટર સાથે વિમલ પટેલને ઝડપી પાડ્યો

### મજીગામ નેશનલ હાઈવે સર્વિસ રોડ ઉપરથી ટાટા કંપનીનું જનરેટર ચોરાયું હતું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૦૫**

ચીખલીના મજીગામ નેશનલ હાઈવેના સર્વિસ રોડ ઉપર દિનકર ભવન પાસેથી ટાટા કંપનીનું ૫.૫૦ લાખ રૂપિયાનું જનરેટર ચોરી કરી ફરાર થઈ જનારને પોલીસે ઝડપી પાડી જનરેટર કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર લાલમોહન હરાધનકુમાર (ઉ.વ-૫૬) હાલ રહે.બી-૬ રાજલક્ષ્મી રો-હાઉસ એલ.પી.સવાણી રોડ રિવાઈડલ સ્કૂલની સામે અડાજણ સુરત)નું નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલા મજીગામના દિનકર ભવન થી આગળ સર્વિસ રોડની બાજુમાં ખુલ્લી જગ્યામાં રાખેલ ૩૦-કેવી ટાટા કંપનીનું ઈલેક્ટ્રીક જનરેટર જે તા. ૨૮ ડિસેમ્બર-૨૫ની રાત્રીના સમયે કોઈક અજાણ્યા ચોર ઈસમ ચોરી જતા પોલીસે ૫.૫૦ લાખ રૂપિયાના જનરેટરની ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ દરમ્યાન પોલીસે ખૂડવેલ પાસે થી ન્યૂહોલેન્ડ કંપનીનું ટ્રેક્ટર તથા ઉપરોક્ત જનરેટર સાથે વિમલ મગન પટેલ (રહે.વશીયર તા.જી.વલસાડ) ને જનરેટર સાથે ઝડપી લઈ વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

# માનવભક્ષી સિંહણને બેભાન કરવાની ગોળી ટ્રેકરને વાગી જતા થયું મોત

**(સંપૂર્ણ સમાચાર સેવા) જુનાગઢ, તા.૦૫**

ગીરમાંથી એક અત્યંત કરૂણ ઘટના ઘટી છે. છેલ્લા કેટલાક દિવસોથી વિસાવદરના નાની મોણપરી ગામે માનવભક્ષી સિંહણનો ત્રાસ વધ્યો છે. આ સિંહણ ૪ વર્ષના એક માસૂમને ઉઠાવી ગઈ જતા તેનુ મોત થયુ હતુ. જે બાદ વનવિભાગની ટીમે આ માનવભક્ષી સિંહણને પકડવા માટે ઓપરેશન હાથ ધર્યુ હતુ. આ દરમિયાન સિંહણ સામે આવી જતા વેટરનરી તબીબે સિંહણને બેભાન કરવા માટે ટ્રાક્વીલાઈઝર ગનથી ફાયર કર્યુ હતુ. જો કે સિંહણ દૂર ખસી જતા સામે ઉભેલા ટ્રેકરને આ ગોળી વાગી ગઈ હતી અને ટ્રેકરનું એક દિવસની સારવાર દરમિયાન મોત નિપજ્યુ છે.

રવિવારે બાળકને સિંહણે ફાડી ખાતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ માનવભક્ષી સિંહણને પકડવા માટે વન વિભાગે યુદ્ધના ધોરણે ઓપરેશન હાથ ધર્યું હતું. સિંહણની લોકેશન મળતા જ તેને બેભાન કરવા માટે વનકર્મીઓ દ્વારા ગન ચલાવવામાં આવી હતી. જોકે, કમનસીબે આ ગનમાંથી છૂટેલું ઈન્જેક્શન સિંહણને લાગવાને બદલે ત્યાં હાજર વન વિભાગના ટ્રેકર અશરફભાઈ ચૌહાણને વાગી ગયું હતું. અશરફ ભાઈના મોતથી સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે. આ સમગ્ર ઘટના અંગે સી.એફ.એ જણાવ્યુ છે કે અકસ્માતે સિંહણને બેભાન કરવાનું ઈન્જેક્શન ટ્રેકરને લાગ્યું હતુ. મનુષ્ય કરતા પ્રાણીને ચાર ગણો એનેસ્થેસિયાનો ડોઝ આપવો પડે છે. એનેસ્થેસિયાના ઓવરડોઝના કારણે ટ્રેકરનું મોત થયુ છે. આ ઘટનામાં વેટરનરી તબીબની બેદરકારી અંગે પણ તપાસ કરવામાં આવશે. આ સમગ્ર મામલે વેટરનરી તબીબની બેદરકારી અંગે તપાસ કરવામાં આવશે. અશરફભાઈ સિંહણના પાછળના ભાગે કેમ ઉભા હતા તે અંગ પણ તપાસ કરવામાં આવશે. ટ્રેકરના વીમામાંથી પરિવારને ૧૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. વન વિભાગના અધિકારી તથા કર્મચારીઓ પણ આર્થિક મદદ કરશે. ૨૮ વર્ષીય મૃતક અશરફ વન વિભાગમાં કરાર આધારિત ટ્રેકર તરીકેની ફરજ બજાવતા હતા. તેમને સંતાનમાં ૨ વર્ષની બાળકી છે. હાલ તેમના પરિવારમાં માતમ છવાયો છે.

# સુરત રેલવે પોલીસે ૧૪,૨૬૮ દારૂની બોટલનો નાશ કર્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા) સુરત,તા.૦૫**

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના કડક અમલીકરણ વચ્ચે સુરત રેલવે પોલીસ (GRP) દ્વારા એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. લાંબા સમયથી અલગ-અલગ રેડ દરમિયાન જપ્ત કરવામાં આવેલા ગેરકાયદેસર દારૂના જથ્થાનો આજે જાહેર સ્થળે નાશ કરવામાં આવ્યો હતો. રેલવે પોલીસે અંદાજે ૧૮.૫૪ લાખ રૂપિયાની કિંમતની હજારો બોટલો પર બુલડોઝર ફેરવી તેને નષ્ટ કરી દીધી હતી.સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કુલ ૭૬૫ જેટલા પ્રોહિબિશનના ગુનાઓમાં આ મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં દેશી અને વિદેશી દારૂની નાની-મોટી કુલ ૧૪,૨૬૮ બોટલોનો સમાવેશ થાય છે. આ જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ બજાર કિંમત અંદાજે રૂપિયા ૧૮,૫૪,૩૧૫ જેટલી આંકવામાં આવી છે. કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં આ તમામ બોટલોને ખુલ્લા મેદાનમાં પાથરી તેના પર રોલર અથવા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. રેલવે પોલીસ દ્વારા ટ્રેનો અને રેલવે સ્ટેશન પરિસરમાં કરવામાં આવતી ચેકિંગ દરમિયાન આ જથ્થો પકડાયો હતો. સુરત ર્જીની આ કામગીરીથી દારૂની હેરાફેરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં પણ રેલવે માર્ગે થતી નશાકારક પદાર્થોની હેરાફેરી રોકવા માટે ચેકિંગ સઘન બનાવવામાં આવશે.


**CHANGE OF NAME**

**OLD NAME**
SINGH
NISHANTKUMAR
PRAVINKUMAR
**NEW NAME**
**NISHANT**
**PRAVINKUMAR**
**SINGH**
**ADD.** Royal Homes C-1 Wing, Flat No. 101, Tanki Falia, Dunetha, Daman, DNH & DD - 396210



**પાવરગ્રિડ POWERGRID**

**નોટિસ**

૧. ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૭૯ (૧) (ડી) સાથે વાંચેલી કલમ ૬૨ હેઠળ અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (કન્ડક્ટ ઑફ બિઝનેસ) રેગ્યુલેશન્સ, ૨૦૨૩ના રેગ્યુલેશન ૧૫ (૧) (એ) અને રેગ્યુલેશન ૨૩ સાથે વાંચેલ સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ટેરિફના રેગ્યુલેશનના નિયમો અને શરતો) ૨૦૧૯ અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ટેરિફના રેગ્યુલેશનના નિયમો અને શરતો) ૨૦૨૪ સાથે વાંચતા **પશ્ચિમ ક્ષેત્રમાં મેસર્સ એસબીઈએસએસ સર્વિસ પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના ૩૨૫ મેગાવોટ વિન્ડ પ્રોજેક્ટ માટે કનેક્ટિવિટી અને એલટીએ** માટે ટેરિફના નિર્ધારણ માટેની અરજી.

૨. ઉપરોક્ત ટ્રાન્સમિશન સિસ્ટમના લાભાર્થીઓ છે: (૧) મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટ કંપની લિ., જબલપુર, (૨) છત્તીસગઢ સ્ટેટ પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપની લિમિટેડ, રાયપુર (૩) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ., વડોદરા, (૪) ઈલેક્ટ્રિસિટી ડિપાર્ટમેન્ટ, ગવર્નમેન્ટ ઓફ ગોવા, પણજી, (૫) મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની લિ., મુંબઈ, (૬) ડીએનએચડીડી પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ, સિલવાસા (૭) અદાણી વિન્ડ એનર્જી એમપી વન પ્રાઈવેટ લિમિટેડ, (૮) ઉત્તર પ્રદેશ પાવર કોર્પોરેશન લિ., (૯) અજમેર વિદ્યુત વિતરણ નિગમ લિ., (૧૦) જયપુર વિદ્યુત વિતરણ નિગમ લિ., (૧૧) જોધપુર વિદ્યુત વિતરણ નિગમ લિ., (૧૨) હિમાચલ પ્રદેશ સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડ લિ., (૧૩) પંજાબ સ્ટેટ પાવર કોર્પોરેશન લિમિટેડ, (૧૪) હરિયાણા પાવર પર્ચેજ સેન્ટર, (૧૫) જમ્મુ કાશ્મીર પાવર કોર્પોરેશન લિમિટેડ, (૧૬) બીએસઈએસ યમુના પાવર લિ, (૧૭) બીએસઈએસ રાજધાની પાવર લિ, (૧૮) ટાટા પાવર દિલ્હી ડિસ્ટ્રીબ્યુશન લિ, (૧૯) ઉત્તરાખંડ પાવર કોર્પોરેશન લિ., (૨૦) નોર્થ સેન્ટ્રલ રેલવે (૨૧) ન્યુ દિલ્હી મ્યુનિસિપાલ કાઉન્સિલ, (૨૨) ચંદીગઢ ઈલેક્ટ્રિસિટી ડિપાર્ટમેન્ટ, (૨૩) હરિયાણા વિદ્યુત પ્રસારણ નિગમ લિમિટેડ, (૨૪) સેન્ટ્રલ ટ્રાન્સમિશન યુટિલિટી ઓફ ઈન્ડિયા લિ. (સીટીયુઆઈએલ)

૩. ટેરિફ વિગતો:

એ) ૨૦૧૯-૨૪ બ્લોક (₹ લાખમાં)

| સંપત્તિની વિગતો | ડીઓસીઓ/ ઈસીઓડી | ૩૧.૦૩.૨૦૨૪ ના રોજ પૂર્ણતાની કિંમત | | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|---|---|
| સંપત્તિ-૧ | 29.04.22 | 3299.69 | ટ્રુઈંગ અપના આધારે સુધારેલ એએફસી | NA | NA | NA | 706.48 | 854.11 |
| સંપત્તિ-૨ | 30.04.22 | 348.39 | | NA | NA | NA | 68.78 | 80.65 |

બી) ૨૦૨૪-૨૯ બ્લોક (₹ લાખમાં)

| સંપત્તિની વિગતો | ૩૧.૦૩.૨૦૨૯ ના રોજ પૂર્ણતાની કિંમત | | 2024-25 | 2025-26 | 2026-27 | 2027-28 | 2028-29 |
|---|---|---|---|---|---|---|---|
| સંયુક્ત સંપત્તિ | 3929.92 | એએફસી | 848.28 | 867.60 | 880.07 | 877.00 | 874.55 |

૪. આ નોટિસ અને ટેરિફ નક્કી કરવા માટે કરવામાં આવેલી અરજીની નકલ અરજદારની વેબસાઈટ **www.powergrid.in** પર પોસ્ટ કરવામાં આવી છે.

૫. અરજીમાં સમાવિષ્ટ ટેરીફના નિર્ધારણ માટેની દરખાસ્તો પર સૂચનો અને વાંધાઓ, જો કોઈ હોય તો, લાભાર્થી સહિત કોઈપણ વ્યક્તિ આ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસની અંદર કમિશનના ઈ-ફાઈલિંગ પોર્ટલ દ્વારા અથવા સેક્રેટરી, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસીટી રેગ્યુલેટરી કમિશન, ૬ઠ્ઠો, ૭મો અને ૮મો માળ, ટાવર બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નૌરોજી નગર, નવી દિલ્હી - ૧૧૦૦૨૯ને (અથવા અન્ય સરનામું જ્યાં કમિશનની ઓફિસ આવેલી છે) લેખિતમાં રજૂ કરી તેની એક નકલ ઉપરોક્ત અરજદારની કોર્પોરેટ કચેરીએ મોકલી આપવી.

**સ્થળ:** ગુરૂગ્રામ
**તારીખ:** ૦૫.૦૧.૨૦૨૬

**સહી/-**
**સિનિયર ડેપ્યુટી જનરલ મેનેજર (કોમર્શિયલ)**

**પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ**
(ભારત સરકારનું સાહસ)
**રજીસ્ટર્ડ ઓફિસ:** બી-૯, કુતબ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, કટવારીયા સરાઈ, નવી દિલ્હી-૧૧૦ ૦૧૬
**કોર્પોરેટ ઓફિસ:** ''સૌદામીની'', પ્લોટ નં. ૨, સેક્ટર-૨૯, ગુરૂગ્રામ, હરિયાણા - ૧૨૨ ૦૦૧
www.powergrid.in, CIN: L40101DL1989GOI038121

**એક મહારત્ન સરકારી સાહસ**

PG/CC/Notice-71/Advt.-88/2025-26 Interpub



**વર્તમાન પ્રવાહ** વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક



**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# દમણના ખારીવાડ રોડ પર રોંગસાઈડે આવી રહેલ સ્કોર્પિયો મારૂતિ સિયાઝ સાથે ભટકાતા વાપીના મહિલા એડવોકેટના પુત્રનું કરૂણ મોત





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

વાપીમાં રહેતા જાણીતા મહિલા એડવોકેટ સોનલબેન રાજપૂતના ૨૧ વર્ષિય પુત્ર ક્રિશનું રવિવારે વહેલી સવારે દમણમાં સર્જાયેલા એક ભયાનક અકસ્માતમાં મોત નિપજ્યું છે. ક્રિસ પોતાની મારૂતિ સિયાઝ કાર લઈને દમાણ જઈ રહ્યો હતો. ત્યારે મળસ્કે ૩:૦૦ વાગ્યાના સુમારે નાની દમણના ખારીવાડ રોડ પર અકસ્માત સર્જાયો હતો. સામેથી રોંગ સાઈડે પુરઝડપે ઘસી આવેલી સ્કોર્પિયો કારના ચાલક કેયુર પટેલે ક્રિસની કારને ધડાકાભેર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને વાહનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

આ ગમખ્વાર અકસ્માતના હચમચાવી નાંખતા સીસીટીવી ફૂટેજમાં પણ સામે આવ્યા છે. જેમાં સ્કોર્પિયો ચાલકની ગંભીર બેદરકારી સ્પષ્ટપણે દેખાઈ રહી છે. દમણ પોલીસે આ મામલે આરોપી ચાલક વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૨૮૧, ૧૦૫ તથા મોટર વ્હીકલ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાત ધરી છે.

# વાહનમાં આગના બે બનાવ બન્યાઃ વાપી ટાઉનમાં બાઈક સળગી અને પારડી હાઈવે ઉપર ચાલુ કારમાં આગ લાગી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, પારડી, તા. ૦૫**

વાપી-પારડી વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં વાહનોમાં આગ લાગવાના બે બનાવ બન્યા હતા. વાપી ટાઉનમાં પાર્ક કરેલ બાઈકમાં મળસ્કે આગ લાગી હતી. જ્યારે પારડી હાઈવે ઉપર ચાલુ પસાર થતી કારમાં અચાનક આગ લાગી હતી.

વાપી ટાઉનમાં આજે સોમવારે મળસ્કે ચાલુ બાઈકમાં આગ લાગી હતી નજરે જોનારાના બતાવ્યા અનુસાર બાઈક સવાર સવારે રસ્તા ઉપરથી પસાર થઈ રહેલ ત્યારે અચાનક બાઈકમાંથી ધુમાડો નિકળતા ચાલક સમય સૂચકતા વાપરી કુદી પડ્યો હતો. બાદમાં આગની લપેટમાં બાઈ સપડાઈ હતી. બાઈક ચાલકનો સદ્‌ભાગ્યે બચાવ થઈ ગયો હતો. પાલિકા ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી આગને બુઝાવી દીધી હતી.

બીજો બનાવ પારડી અભિનવ પાર્ક ખાતે રહેતા જેનીલભાઈ દેસાઈ પોતાની આઈ૨૦ કાર નંબર જીજે ૧૫ સીજે ૯૭૭૫ લઈ રાત્રે ૯:૪૫ કલાકે પારડી મહેતા હોસ્પિટલ સામે હાઈવે નંબર ૪૮ પર પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક એન્જિનના બોનેટમાંથી ધુમાડો નીકળતા તેઓ કાર ઉભી રાખી નીચે ઉતરી ગયા હતા અને જોત જોતામાં કારના એન્જિનમાં ભયંકર આગ ફાટી નીકળી હતી.

પારડી નગરપાલિકા સંચાલિત ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. પરંતુ આ આગમાં કારનું એન્જિન બળીને ખાખ થઈ ગયું હતું. પરંતુ સમયસર કારચાલક કારમાંથી ઉતરી જતા કોઈ જાનહાની થવા પામી ન હતી.

### ભારતરત્ન પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મશતાબ્દી વર્ષ અંતર્ગત

# રાજસ્થાન પ્રગતિ મંડળ અને હિન્દી કાવ્ય મંચ વાપીના સંયુક્ત ઉપક્રમે કાવ્યાજંલિ કાર્યક્રમ યોજાયો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા. ૦૫**

રાજસ્થાન ભવનમાં રવિવારે પૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન, અટલ બિહારી વાજપેયી જન્મ શતાબ્દી વર્ષ અંતર્ગત કાવ્યાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.રાજસ્થાન પ્રગતિમંડળ ચેરીટેબલ ટ્રસ્ટ અને હિન્દી કાવ્યમંચ વાપીના સંયુક્ત ઉપક્રમે કાવ્ય, ગઝલ, શાયરીના માધ્યમથી સાહિત્યપ્રેમીઓને ભાવાત્મક અનુભૂતિનો અનુભવ થયો હતો.

કાર્યક્રમનો શુભારંભ સરસ્વતી માતા અને અટલ બિહારીની તસવીરો સામે દિપપ્રાગટય અને પુષ્પાંજલી સાથે કરવામાં થયો હતો. આ અવસરે અતિથિઓ અને શ્રોતાઓઓએ ભારતીય સંસ્કૃતિ, સાહિત અને રાષ્ટ્રપ્રેમ પ્રતિ પોતાની શ્રદ્ધા, વ્યક્ત કરી હતી.કાર્યક્રમમાં શ્રી રાકેશ રાય, શ્રીમતી પ્રજ્ઞા પાંડે, શ્રી રામનિવાસ શર્મા, શ્રી હિરેન મઢિયા, સુમિત ફરુખાબાદી અને શ્રી શીવ બક્સ યાદવની ભાવપૂર્ણ રચનાઓએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

કાર્યક્રમનું સંચાલન કરતા બી.કે.દાયમાએ પોતાની પ્રભાવી શૈલીમાં આયોજનને વધુ વ્યવસ્થિત અને રોચક બનાવી દિધેલ, વિશેષ આમંત્રિત કવિયિત્રી જયોતિ ત્રિપાઠી (મુંબઈ) એ પોતાની ગઝલ અને કવિતાઓના માધ્યમથી શ્રોતાઓના હૃદય સ્પર્શી ગઈ હતી. તેમની રચનાઓમાં ભાવનાઓના પ્રવાહ પ્રસ્તુત કરેલો ત્યારે સભાગૃહમાં તાલીઓના ગડગડાટ ગુંજી ઉઠ્યો હતો.

આ પ્રસંગે લેખક અને સમાજસેવી શ્રી ગણપત ભણાશાલી(સુરત)ના જન્મદિવસની હિરક જયંતિની ઉપલબ્ધીમાં તેમનું વિશેષ સન્માન કરાયું હતું. પ્રગતિ મંડળના પદાધિકારીઓને સાફો પહેરાવી રાજસ્થાન સમાજનું ગૌરવ સન્માન પ્રદાન કરી અભિનંદન કરાયા હતા.

# ભીલાડ ઓવર બ્રિજ પાસેથી દેશી તમંચા સાથે એક શખ્સ ઝડપાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૦૫:** જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ દ્વારા કરવામાં આવી રહેલા સઘન ચેકિંગ દરમિયાન વલસાડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને મોટી સફળતા મળી છે. ભીલાડ પોલીસ સ્ટેશનની હદમાં નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી એક ઈસમને ગેરકાયદેસર દેશી બનાવટના તમંચા સાથે ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને મળેલ માહિતીના આધારે ભીલાડથી નરોલી જતા ઓવરબ્રિજ પહેલા વોચ ગોઠવી હતી. આ દરમિયાન આરોપી સૌરભ ઉર્ફે છોટુ સંતોષ શર્મા (ઉંમર વર્ષ ૨૬)ની શંકાસ્પદ હિલચાલ જોતા ઝડપી પાડી તપાસ હાથ ધરી હતી. જેમની પાસેથી રૂપિયા ૧૫,૦૦૦ ની કિંમતનો દેશી તમંચો જપ્ત કરી પૂછપરછ કરતા આરોપી હાલ રહે ગુંજન જી.આઈ.ડી.સી., વાપી મૂળ રહેવાસી રાયબરેલી, ઉત્તરપ્રદેશ હોવાનું જાણવા મળ્યું છે. વધુમાં પકડાયેલા આરોપી અગાઉ પણ ગુન્હાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો છે. તેની સામે અગાઉ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધાયેલો છે. સંકજામાં આવેલા આરોપી વિરુદ્ધ ભીલાડ પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧-બી)(એ) મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વલસાડ જિલ્લાની વસુધારા ડેરીના ચેરમેન પદે રાજેશભાઈ પટેલ અને વાઇસ ચેરમેન પદે સીતાબેન જાદવ ચૂંટાયા

**ચૂંટણીમાં ભાજપ દ્વારા ચેરમેન અને વાઇસ ચેરમેનના પદ માટે મેન્ડેટ આપવામાં આવ્યો હતો પરંતુ બંને પદ માટે બબ્બે ઉમેદવારી પત્રકો ભરાતા યોજાયેલી ચૂંટણીઃ મેન્ડેટ વિરૂધ્ધ ઉમેદવારી પત્રકો ભરાતા ભાજપની સહકારી સંસ્થાઓમાં મેન્ડેટની પ્રથાનો અનાદર થવા સાથે ‘શિસ્ત’ના ઉડેલા ધજાગરા**


-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૦૫**

વલસાડ જિલ્લાની વસુધારા ડેરીના ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણીમાં ભાજપમાં મેન્ડેટનો છેદ ઉડી જવા સાથે ચૂંટણી યોજાતા ચેરમેન પદે રાજેશભાઈ પટેલ અને વાઇસ ચેરમેન પદે સીતાબેન દિલીપભાઈ ચૂંટાઈ આવ્યા હતા. મેન્ડેટની અવગણના થતા ભાજપના ધજાગરા ઉડી જવા સાથે ઉપસ્થિત નેતાઓના નૂર ઉડી જવા પામ્યા હતા.

ચીખલી નજીકના આલીપોર સ્થિત વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના ચેરમેન અને વાઈસ ચેરમેનની આજે પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં ચૂંટણી યોજાતા ભાજપના હોદ્દેદારો, સહકારી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ચૂંટણીમાં ભાજપ દ્વારા ચેરમેન અને વાઈસ ચેરમેનના પદ માટે મેન્ડેટ આપવામાં આવ્યો હતો. પરંતુ આ દરમ્યાન ચેરમેન અને વાઈસ ચેરમેન માટે બબ્બે ઉમેદવારી પત્રકો ભરાતા ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રમુખ પદની ઉમેદવારીમાં કિશોરભાઈ પટેલની દરખાસ્ત ગમનભાઈ પટેલ અને ટેકો બાપુભાઈ ઠાકર્યાએ જ્યારે બીજા ઉમેદવાર રાજેશભાઈની દરખાસ્ત પ્રમોદભાઈ અને ટેકો લીલાબેને આપ્યો હતો. જેમાં ૧૪-પૈકી દુવાડાના રાજેશભાઈ ભીખુભાઈ પટેલને ૧૦ મતો મળતા તેમનો વિજય થયો હતો. જ્યારે વાઈસ ચેરમેન પદ માટે ધરમપુર બરૂમાળના સીતાબેન દિલીપભાઈ જાદવને નવ અને સામે કલ્પનાબેન ભીંસરાને પાંચ મતો મળતા સીતાબેનનો વિજય થવા પામ્યો હતો.

વસુધારા ડેરીની ચૂંટણીમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી માટે ભાજપ દ્વારા અપાયેલ મેન્ડેટને મહત્તમ ડિરેક્ટરોએ જાકારો આપતા અને મેન્ડેટ વિરૂધ્ધ ઉમેદવારી પત્રકો ભરાતા ભાજપના ‘શિસ્ત’ના ધજાગરા ઉડી જવા સાથે ચેરમેન અને વાઈસ ચેરમેન બન્ને ભાજપના મેન્ડેટ વિરૂધ્ધ ચૂંટાઈ આવતા ઉપસ્થિત ભાજપના હોદ્દેદારો અને નેતાઓના ચહેરા પરથી ‘નૂર’ ઉડી જવા પામ્યા હતા. જોકે આમ તો વર્ષોથી વસુધારા ડેરીની ચૂંટણીમાં ડેરીના કર્તા-હર્તાઓ ધારે તે જ થતું હતું, જે ફરી પુરવાર થવા પામ્યું છે. ત્યારે ભાજપની સહકારી સંસ્થાઓમાં મેન્ડેટની પ્રથા સામે પણ અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

# ઉમરગામ પોલીસ તંત્ર દ્વારા માર્ગ સુરક્ષા સાઈબર ક્રાઈમ અને ડ્રગ્સ વિરોધી જાગૃતિ કાર્યક્રમનું કરવામાં આવેલું આયોજન




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૦૫**

ઉમરગામની એમ.એમ. હાઈસ્કૂલમાં રોડ સેફ્ટી, સાઈબર ક્રાઈમ તેમજ ડ્રગ્સ વિરોધી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉમરગામ પોલીસ મથકના ઈન્ચાર્જ અને પીઆઇ શ્રી એસ.ડી.ચૌધરી અને એમની ટીમ તેમજ જિલ્લા ટ્રાફિક બ્રાન્ચના પીઆઇ શ્રી આર.એન.હથાડીયા અને એમની ટીમે ઉપસ્થિત રહી હતી.

આ કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશ મુજબ વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ, સોશિયલ મીડિયા ફ્રોડ, ઓનલાઈન સુરક્ષા, તથા સોશિયલ ક્રાઈમ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને Good Touch અને Bad Touch વિશે પણ સમજ આપી તેમની સુરક્ષા માટે સતર્ક રહેવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

આ ઉપરાંત, શાળાના વિદ્યાર્થીઓ અને પોલીસ કર્મીઓએ મળીને શાળા બહાર રોડ પર પસાર થતા વાહન ચાલકોને ફૂલ આપી રોડ સેફ્ટીના નિયમોનું પાલન કરવા અંગે જાગૃત કર્યા હતા. આ અભિયાનથી વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારી અને સુરક્ષા પ્રત્યે વધુ જાગૃતિ લાવવાનો ઉદ્દેશ રહેલો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી માધ્યમનાં સુપરવાઈઝરશ્રી પ્રસાદભાઇ દ્વારા કરવામાં આવ્યો હતો.

# વાપી ગુંજન વિસ્તારમાંથી ૧.૯૧ લાખના ગાંજાના જથ્થા સાથે દમણ ડાભેલના ત્રણ આરોપી યુવાન ઝડપાયા

**સૌરવ શાહ, વિક્કી શાહ અને કૃણાલ શાહ ત્રણેય રહે. દમણ ડાભેલ પાસેથી ૨.૧૩ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો ઝડપી પાડી પોલીસે અટક કરી**






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા. ૦૫**

વલસાડ જિલ્લામાં પ્રતિબંધિત ગાંજા વેચાણ નેટવર્કનો પોલીસે ગતરોજ પર્દાફાશ કરી રહી છે. એસ.ઓ.જી.એ વાપી જી.આઈ.ડી.સી. ગુંજન વિસ્તારમાંથી વોચ ગોઠવી ૧.૯૧ લાખના ગાંજાના જથ્થા સાથે દમણ ડાભેલના ત્રણ આરોપી યુવાનોને ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વાપી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં એસ.ઓ.જી. પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ગુંજન વિસ્તારમાં પલસર બાઈક નં.ડીડી-૦૩ જે ૯૧૦૪ ઉપર પસાર થઈ રહેલા ત્રણ શંકાસ્પદ જણાતા યુવાનોને અટકાવી ચેંકીંગ કરવામાં આવ્યું હતું. યુવાનો પાસેથી ૨.૧૩ કી.ગ્રામ ગેરકાયદેસરનો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેની બજાર કિંમત ૧,૯૧,૫૦૦ રૂા.નો છે. પોલીસે સૌરવ રણજીત શાહ, વિક્કી દિવાકર શાહ તેમજ કૃણાલ ઉપેન્દ્ર શાહ તમામ રહે દમણ ડાભેલની અટક કરી હતી. પોલીસે મુદ્દામાલ તથા બાઈક અને ૩ મોબાઈલ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# રોહીણામાં ઘરમાં આગ લાગતા ઊંઘમાં જ ૭૦ વર્ષીય વૃદ્ધાનું મોત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) પારડી, તા.૦૫**

પારડી તાલુકાના રોહીણા આશ્રમ ફળિયા ખાતે રહેતા માનસિક રીતે અસ્વસ્થ એવા કાવલીબેન ગમનભાઈ ધોડિયા પટેલ રાબેતા મુજબ પોતાના મોટા પુત્ર કમલેશભાઈના ઘરે ઉપરના માળે રૂમમાં સુતા હતા. આ દરમિયાન તારીખ ૦૫/૦૧ / ૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૪:૩૦ કલાકે રૂમમાં શોર્ટ સર્કિટ થતા આગ ફાટી નીકળી હતી અને આ આગમાં રૂમમાં સુતેલ કાવલીબેનના બેડ પર પણ આગ ફેલાતા તેઓ ૭૦ટકાથી વધુ દાઝી ગયેલ હોય ઊંઘમાં જ તેઓ મોતને ભેટ્યા હતા.

વહેલી સવારે મોર્નિંગ વૉક માટે નીકળેલ પાડોસીએ કામલીબેનના રૂમમાંથી ધુમાડો નીકળતા જોતા તેમના પુત્ર કમલેશભાઈને ફોન કરી જાણ કરી હતી. નીચેના રૂમમાં સુતેલ પુત્ર કમલેશભાઈ તથા પરિવારજનો ઉપરના માળે રૂમમાં જઈ જોતા રૂમમાં ધુમાડાના ગોટા ગોટામાં માતા કાવલીબેન ૭૦ટકાથી વધુ દાઝી જવાથી રૂમમાં જ મરણ પામ્યા હતા. પુત્રએ આ અંગેની જાણ પારડી પોલીસને કરતા પારડી પોલીસ સ્ટેશનના પીઆઇ શ્રી જીઆર ગઢવી સહિત પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી લાશને રોહીણા સીએચસી ખાતે પીએમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.